SMT. HANSA MEHTA LIBRARY
The Maharaja Sayajirao University
Baroda
Call No. 7 DA
554
.K2
G. 12252

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી ગ્રંથમાળા.

हिंदनां महाराणी

અને

તેમનું કુટુંબ.

ભાષાંતરકર્તા
જગજીવનદાસ ભવાનીશંકર કાપડીઆ,
માજી આસિસ્ટંટ સેક્રેટરી, ગુ. વ. સોસાઈટી.

શ્રીમંત મહારાજ સયાજીરાવ ફંડમાંથી
પ્રસિદ્ધ કરનાર
ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી.

સંવત્ ૧૯૫૦. ઈ. સ. ૧૮૯૩.

(સર્વ હક ગુ. વ. સોસાઈટીને સ્વાધીનછે.)

કીમત બે આના.

PURCHASED
Date 23-10-59
Initial
G12252
Rs. 0-12
7DA
554
K2

AHMEDABAD
Printed at the "Union" Printing Press.

SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY.
12252
R 0-12

હિંદના મહારાણી

અને

તેમનું કુટુંબ.

ઉપોદ્ઘાત.

દરેક દેશની પ્રજાએ પોતાના રાજ્યકર્તાની હકીકત જાણવી, અને રાજ્યકર્તાએ તેની પ્રજાની હકીકત જાણવી, એ તેમની ફરજ છે. એમ થયાથી તેમને એકેકના ઉપર વધારે ભાવ ઉત્પન્ન થાયછે, અને તેથી દેશનું રાજ્ય વધારે સારી રીતે ચલાવી શકાયછે. હિંદનાં મહારાણી અહીંથી આશરે ૭૦૦૦ મૈલ દૂર ઇંગ્લાંડમાં રહેછે, તેથી આપણે તેમને નજરોનજર જોઇ શકતા નથી; તો પણ આપણે પુસ્તકને માર્ગે તેમના વિષે જ્ઞાન મેળવી શકીએ; અને મહારાણીએ પોતે પણ કેટલાંક પુસ્તક રચેલાં

છે, તેમાંથી તેમના ઘરસંસાર વિષે ઘણીક હકીકત મળી આવેછે. તેમના લાંબાકાળ અને આબાદ રાજ્યનો સંપૂર્ણ હેવાલ આપવા બેસીએ, તો ઘણાં પુસ્તકો ભરાઇ જાય. તેથી આ નાના પુસ્તકમાં તો તેમના ઇતિહાસમાંથી માત્ર કેટલાક જાણવાજોગ બનાવોનું વર્ણન અને તેમની સંતતિની ટુંકી નોધજ આપવાની ધારણા રાખી છે. ગયા અર્ધા સૈકામાં હિંદુસ્તાનમાં જે ફેરફાર થયા છે, તેમાંના પણ થોડાએક જણાવ્યા છે.

બાલ્યાવસ્થા.

મહારાણીનાં માતપિતા.—આપણાં મહારાણી, રાજા અને માંડલિકોના ઘણા પ્રાચીન કુળમાં જન્મેલાં છે. એમના પિતાની વંશાવળી લગભગ હજારેક વર્ષ ઉપર થઇ ગયલા મહાન્ આલ્ફ્રેડ રાજા સુધી પહોંચેછે. એમની માતાના કુટુંબની વંશાવળી નવસો વર્ષ ઉપરના એક જર્મન માંડ-

લિક રાજા સુધી અવિચ્છન્ન પહોંચેછે. ત્રીજો જ્યોર્જ, જે ૧૭૬૦માં ગાદીએ બેઠો હતો અને ૧૮૨૦માં મરણ પામ્યો હતો તે એમનો દાદો હતો. તેની પછી તેનો પહેલો કુંવર, ચોથો જ્યોર્જ, ગાદીએ આવ્યો. તેના રાજ્ય સમયમાં બીજો કુંવર, ડ્યૂક ઑવ યોર્ક, મરણ પામવાથી ૧૮૩૦માં ચોથા જ્યોર્જના મૃત્યુ પછી, ત્રીજો કુંવર, ચોથો વિલિયમ, રાજા થયો.

ત્રીજા જ્યોર્જના ચોથા કુંવર ડ્યૂકઑવ કેંટમાં તેના સઘળા ભાઇઓ કરતાં માનનીય ગુણ વિશેષ હતા. તે ૧૮૧૮માં જર્મનીના એક માંડલિક રાજા લેનિંગનની વિધવા સાથે પરણ્યો હતો. તેમને સંતતિમાં માત્ર એક દીકરીજ થઇ, અને તે ૧૮૧૯ના મેની ૨૪મીએ લંડનના કેન્સિંગ્ટન મહેલમાં જન્મી હતી. આ નાની કુંવરી મોટી થતાં હિંદની મહારાણીનું પદ પામી. એનું નામ એની માને નામે વિક્ટોરિયા પાડયું હતું.

પિતાનું મરણઃ—રાજકુંવરી વિકટોરિયા આશરે છ મહીનાની થઈ, ત્યારે એને ઇંગ્લાંડને પશ્ચિમ કિનારે સિડ્મથ નામની એક સુંદર જગ્યાએ લઈ જવામાં આવી. અહિંયાં ૧૮૨૦ના આરંભમાં રાજકુંવરીની પહેલી ઘાત ગઇ. એક છોકરો મકાનની પાસે ચલિયાં મારતો હતો. તેણે નિશાન ચૂકીને એક બહાર બાલગૃહની બારીમાં કીધો. એ બહારની કેટલીક ગોળીઓ રાજકુંવરી એની આયાના હાથમાં હતી, તેના માથા આગળ થઇને ગઈ. થોડા દિવસ પછી એનો પિતા મરણ પામ્યો.

ડ્યૂક ઑવ કેંટને તેની દીકરી ઘણી વહાલી હતી. તે એને દેખાડીને ઘણો ખૂશી થતો હતો, અને કહેતો, કે "એને નિહાળીને જૂઓઃ એ કોઈ દહાડો ઇંગ્લાંડની રાણી થશે." તે એક દિવસ બહાર ફરવા ગયો હતો, ત્યાં તેના પગ ભીંજાયા હતા;

૧. ઇંગ્લાંડમાં છોકરાંના રહેઠાણ માટે ઘરનો એક જુદોજ ભાગ રાખવામાં આવેછે, તે.

પણ ઘેર આવ્યો, ત્યારે તેણે એને દીકી, એટલે પોતાનાં કપડાં એકદમ બદલી નાખવાને બદલે તે એને રમાડવા લાગ્યો. તેને ભીનાં કપડાંમાંથી શરદી ભેદી ગઇ; અને તેથી તે ૧૮૨૦ના જાન્યુઆરીની ૨૩મીએ મરણ પામ્યો. ડચેસ ઑવ કેંટ એક રીતે જોતાં પરદેશી હતી, અને ઇંગ્રેજી ભાષા પણ બરાબર બોલી શકતી નહોતી; તો પણ તેણે તે દેશમાં રહેવાનો નિશ્ચય કીધો. તેનો ભાઇ રાજકુંવર લિયોપોલ્ડ તે વિધવાને અને તેની દીકરીને પાછો કેન્સિંગ્ટન તેડી લાવ્યો, અને તેની આભારી શોકાવસ્થામાં તેને દિલાસો આપવાને પોતાનાથી બન્યું એટલું કીધું. ડચેસ ઑવ કેંટે ૪૧ વર્ષના લાંબા વૈધવ્યના દરમયાનમાં, પોતાની દીકરીની સંભાળ લેવામાંજ જીવિતનું સાર્થક માન્યું. તેણે એને સઘળા સૌમ્ય અને પ્રતિષ્ઠિત ગુણોમાં કેળવવાને પ્રયત્ન કર્યો.

બાળપણ—નાની રાજકુંવરી વિકટોરિયા જ્યારે

આશરે ત્રણેક વર્ષની હતી, ત્યારે એને એક બીજી ઘાત ગઈ. એ એક દહાડો ગાડીમાંથી ઊછળી પડી, અને ગાડી એના માથા ઉપર ફરીજ વળી હોત; પણ એટલામાં એક [1]સૈનિકે એનો પોશાક પકડીને ઘસડી લીધી અને મોતથી બચાવી.

પૈસાદારનાં છોકરાંઓને ઘણીવાર મીઠાઈ વગેરે, જે મરજીમાં આવે તે ખાવા દેવામાં [2]આવેછે. તેઓને વળી નોકરોને હવાલે કરી દેવામાં આવેછે; અને તેમની સોબતથી તેઓ અપશબ્દો અને ખરાબ ખાસિયતો શીખેછે. પણ રાજકુંવરી વિકટોરિયાને એથી ઘણા જુદાજ પ્રકારની કેળવણી મળી હતી.

ડચેસ ઑવ કેંટ ઉનાળામાં સવારે આઠ વાગ્યે નાસ્તો કરતી હતી; અને તે વખતે રાજકુંવરીને માટે

---

૧ લશ્કરી સિપાઇ. ૨ આ રિવાજ ઇગ્લાંડમાં બહુ આગળ વધેલોછે, આ દેશમાં તેવું ઝાઝું નથી.

તેની પાસે એક મેજ ઉપર શાંઉ, દુધ, અને ફળ મૂકવામાં આવતાં હતાં. નાસ્તો કીધા પછી એ પગે ચાલીને કે ગાડીમાં બેસીને એક કલાક ફરવા જતી હતી. દશથી બાર સુધી એને પાઠ કરવાના હતા; અને ત્યાર પછી રમકડાં લઇને રમતી અથવા ઘરમાં આમ તેમ દોડતી ફરતી. બે વાગ્યે એને સાદુ ભોજન મળતું, અને તે વખતે એની મા ટિફિન લેતી, ત્યાર પછી વળી પાછા ચાર વાગ્યા સુધી પાઠ ચાલતા; અને તે પછી મુલાકાતે, અથવા ગાડીમાં બેસીને ફરવા જવાનું થતું. રાજકુંવરીને હાથમાં પાણી સીંચવાંનો નાનો ઘડુલો લઈને વાડીમાં ફરવાનું અને ફૂલનાં ઝાડોને પાણી પાવાનું ઘણું ગમતું હતું. એક ગૃહસ્થે એને જોઈ હતી, તે કહે છે કે "એ સાત વર્ષની સુંદર આનંદી છોડી હતી. એનો પોશાક સાદો પણ શોભીતો હતો. એણે પરાળની ટોપી અને સફેદ સૂતરાઉ કપડાનો ઝભો પહેરેલો હતો. શણગારમાં માત્ર એણે એક રંગીન ઉપવસ્ત્ર ઓ-

ઢેલું હતું તેજ." એની મા[1]ભોજન લેતી, ત્યારે રાજકુંવરીને પોતાની બાજુએ બેસાડી ચાળુ કરાવતી. ત્યારપછી કેટલોક વખત પોતાની રક્ષક સાથે રમીને તેની મા અને તેના મિત્રો પાસે આવતી. નવ વાગ્યે સૂઇ જતી; અને એનું બિછાનું એની માના બિછાનાની પાસેજ કરવામાં આવતું.

ઇંગ્લાંડમાં સૌથી ઊંચી પદવીની સ્ત્રીઓ પણ છૂટથી ફરે ફરેછે. તેમને આ દેશના રિવાજ પ્રમાણે મલાઝામાં રહેવું પડતું નથી, એ કારણથી તેઓ વધારે હૂશિયાર થાયછે, અને વળી ખુલ્લી હવા અને કસરત મળવાથી તેમની તનદુરસ્તી પણ સારી રહેછે. તેમનાં છોકરાં પણ નિર્બળ માનાં છોકરાં કરતાં વધારે તનદુરસ્ત હોયછે, અને વધારે લાંબી જીંદગી ભોગવે છે. હિંદુઓમાં મલાઝાનો રિવાજ મુસલ-

૧ ઇંગ્લાંડમાં ભોજન લેવાનો અથવા મુખ્ય ખાણું ખાવાનો વખત સાંજ પછીનો હોયછે.

માનમાંથી પેઠો છે. જૂના ગ્રંથો ઉપરથી જણાયછે કે અસલના વખતમાં હિંદુ સ્ત્રીઓને ઘણી છૂટ હતી. રાજકુંવરી વિક્ટોરિયા બીજા ઇંગ્રેજના બાળકની પેઠે પગે ચાલીને કે ઘોડે બેસીને જાહેરમાં ફરવા જતી, અને સઘળાંની સલામો સંભાળથી પાછી વાળતી. સાદો ખોરાક, અને ખુલ્લી હવામાં પુષ્કળ કસરત લીધાથી, એની તનદુરસ્તી ઘણી સારી હતી.

કેળવણી—ખરી કેળવણી માત્ર પુસ્તકો વાંચવામાં રહી નથી. કોઇ એમ. એ. યુનિવર્સિટીની પરીક્ષામાં સૌથી ઉપર આવે; તોપણ જો તે અભિમાની, તોછડો, અને અસલવાદી હોય, તો તે કેળવણી શબ્દના ઉત્તમ અર્થ પ્રમાણે કેળવાયલો કહેવાય નહીં. રાજકુંવરીના અભ્યાસની બાબતમાં બેદરકારી રાખવામાં આવતી નહોતી એટલુંજ નહિ, પણ એને સારી ટેવ શીખવવાને પણ ઘણી સંભાળ લેવામાં આવતી હતી. હંમેશાં એની મા,

અથવા એની રક્ષકે બેરનેસ લેઝેન એને પોતાની સાથે રાખતી. રેવરંડ જ્યોર્જ ડેક્સિ, જે આગળ જતાં પીટર્બરોનો ધર્માધ્યક્ષ થયો, તે એનો પ્રથમ શિક્ષાગુરૂ હતો. તેની પાસે એણે મૂળાક્ષરનો પ્રથમ આરંભ કર્યો, અને આગળ જતાં ધર્મ, ઇતિહાસ, લાટિન, અને બીજા વિષયોનું જ્ઞાન સંપાદન કીધું. આગળ જતાં એને જુદા જુદા શિક્ષાગુરૂ હતા.

આ બાળક રાજકુંવરી બીજાં બધાં છોકરાંની પેઠે કેટલીકવાર આળસ અને આડાઈ કરવા જતી. પ્રથમ એને ભણવાપર બહુ મન થતું નહિ, અને "આથી શો લાભ ?" "પેલાથી શો લાભ ?" એવા સવાલ કરતી. એમ છતાં ધીમે ધીમે એને મહેનત કરવાની ટેવ પડી, જે કંઈ એણે પ્રથમ આરંભ્યું હોય, તે પૂરૂં કર્યા વિના બીજા કશાનો કદી આરંભ કરવા દેવામાં આવતો નહોતો. આ નિયમ એની રમતોને પણ લાગુ પડતો હતો.

મુખ્યત્વે કરીને એની માની એવી ઈચ્છા હતી

કે એ સાંચાબોલી થાય; અને એની વર્તણુક ઉપરથી જણાતું હતું કે એ આ અગત્યનો પાઠ શીખવામાં કુશળ હતી. એક દહાડો સવારે એ પોતાના પાઠઉપર ધ્યાન આપતી નહોતી, અને વળી કંઈક આડાઇ પણ કરતી હતી. એવામાં એની માએ અંદર આવી એની રક્ષકને પૂછ્યું, "એ કેમ ચાલે છે?" રક્ષકે જવાબ દીધો, "અરે ! એકવાર જરાક આડાઇ કરી હતી." રાજકુંવરી હળવેથી તેનો હાથ પર હાથ મૂકીને બોલી, "ના, તમને નથી છેની કે બે વાર ?"

એને બીજાં પ્રકારની કેળવણી, દેવું ન કરવાની હતી. એને દર ત્રણ માસે ખ્રીસ્સાખરચ મળતો હતો, અને તે એની મરજી પ્રમાણે ખરચવાની રજા હતી. એકવાર એ આઠ વર્ષની હતી, ત્યારે એક હરરાજીમાં બેનપણીઓ સારૂ ભેટ ખરીદ કરવામાં એની પાસેના સઘળા પૈસા ખરચાઈ ગયા. ત્યાર પછી એક બીજી સગી યાદઆવી, અને તેને માટે

જોઈએ તેવીજ એક અર્ધા[1] ક્રૌનની કિંમતની પેટી પણ જોવામાં આવી. હરરાજીવાળા માણસો બીજી જણસો સાથે એ પેટી પણ મૂકવા જતા હતા; પણ એની રક્ષકે કહ્યું "ના! તમે જૂઓછો કેની, કે કુંવરી પાસે પૈસા નથી; અને તેથી એનાથી એ પેટી નહિ લેવાય ?" તે ઉપરથી તેમણે તે પેટી ઊંચી મૂકી રાખવાનું પૂછ્યું; અને જ્યાંસુધી ત્રિમાસિક દિવસ આવ્યો, અને એની પાસે તેની કિંમતના પૈસા આવ્યા, ત્યાં સુધી તે એને સાર રાખી મૂકી.

રાજકુંવરીની બારમી વર્ષગાંઠ આવી, ત્યાંસુધી એ ઇંગ્લાંડની રાણી થવાની છે, એ વાત એ જાણતી નહોતી. એ વાત એનાથી છૂપી રાખી હતી, તે એમ કે એ વાત જાણ્યાથી રખેને એ ગર્વિષ્ટ થઇ જાય. આ સમયે રાજકુંવરીની રક્ષકે એને

૧ ક્રૌન=આશરે અઢી રૂપિયા.

વાંચવાના ઇતિહાસના પુસ્તકમાં એની વંશાવળીની એક ટીપ મૂકી. જ્યારે એણે પુસ્તક ઊઘાડ્યું, ત્યારે તે કાગળ દીઠો, અને બોલીકે "અગાઉ મેં કદી આ કાગળ જોયો નહોતો." રક્ષકે જવાબ દીધો, "એ અગાઉ દેખાડવાની જરૂર નહોતી જણાઈ." રાજકુંવરી બોલી "ઠીક! હું આટલી નજીકની ગાદી વારસ છું, એમ નહોતી ધારતી."

કેટલીક ક્ષણ પછી રાજકુંવરી પાછી બોલી, "આવી વખતે ઘણાં બાળક પ્રલાઈજીયે; પણ તે પોતાની મુશ્કેલી સમજતાં નથી. ઘણો દમામ તો છે, પણ તેની સાથે જોખમદારી પણ ઘણી છે." એમ કહી રાજકુંવરીએ રક્ષકના હાથમાં પોતાનો હાથ મૂક્યો, અને બોલી, "હું સુશીલ થઇશ. હવે મને સમજ પડેછે, કે તમે મને લાટિન પણ શીખવાનો આટલો બધો આગ્રહ કેમ કરતાં હતાં.

૧૮૩૩માં એની ચૌદ વર્ષની ઉમ્મર હતી. ત્યારે એ અને એની મા ઇંગ્લાંડની દક્ષિણે આવેલા વૈટ

ટાપુમાં જઇને કેટલાક મહીના રહ્યાં; અને તે અ-
રસામાં તેઓએ દક્ષિણ કિનારાનાં કેટલાંક શહેરોની
મુલાકાત લીધી. એવી એક મુસાફરીમાં એને પાછી
એક બીજી ઘાત ગઈ. એકાએક જોસબંધ પવન
નીકળી આવ્યો, અને રાજકુંવરી આ ક્ષોભકર દેખાવ
જોતી હતી, એવામાં વહાણનો મુખ્ય કૂવો કડકડતો
સંભળાયો; અને સુકાનીએ છલંગ મારી એને ઊંચકી
લીધી, અને નિર્ભય સ્થાને લઇ જઇને મૂકી, કે ત-
રતજ એ ઊભો હતી, તેજ જગ્યાએ કડડડ કરતો કે
કૂવો આવીને પડયો. તે સુકાનીને પાયરી ચઢાવ્યો
અને તેના મોત પછી તેની વિધવા અને કુટુંબના
ભરણપોષણનો બંદોબસ્ત કીધો.

રાજકુંવરીની જ્ઞાનસંપત્તિ એની રક્ષક અને
એના શિક્ષાગુરૂઓના માનમાં ઘણો વધારો કરે
એવી હતી. એ યુરોપની કેટલીક અર્વાચીન ભાષા
છૂટથી બોલી શકતી હતી. લાટિન ભાષા પણ ઠીક
જાણતી હતી, અને વર્જિલ અને હોરેસ વાંચતી

હતી; ગણિતમાં ઘણી આગળ વધી હતી,
એણે પોતાના દેશના ઇતિહાસ, કાયદા, અને સા-
હિત્યનું સારૂં જ્ઞાન સંપાદન કર્યું હતું; સંગીત અને
આલેખન કળામાં પણ પ્રવીણતા મેળવી હતી;
અને કેટલાંક પ્રકૃત્તિ શાસ્ત્રનો, તેમાં મુખ્યત્વે કરીને
વનસ્પતિ શાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. ભરત કા-
મને પણ આવું ચૂકયું નહોતું. જે મોટું પદ એ
ધારણ કરવાની હતી, તેને માટે એને યોગ્ય કર-
વાને કંઈપણ કસર રાખવામાં આવી નહોતી.

ડચેસ ઑવ કેંટ પોતાની દીકરીને સારી શી-
ખામણ આપતી હતી; "એમ ન સમજતી કે
દેશમાં તારી જાતને માન છે. એ માન તારા
અધિકાર અને પદવીને છે. એ અધિકાર અને એ
પદવીને કલંક ન લાગે, એવી રીતે તારે વર્તવાનું
છે. મને ઉત્કંઠા એટલીજ છે કે તને સારી સ્ત્રીની
કેળવણી આપવી, અને તેથી તું પોતાની મેળે
સારી રાણી થઇ પડશે"

તરુણ રાણી.

ગાદીએ આવ્યાની ખબર પડી—૧૮૩૭ ના જૂનની ૨૦મીએ મધરાત, પછી તરતજ ચોથો વિલિયમ, વિંડસર કિલ્લામાં મરણ પામ્યો ત્યારે રાજકુંવરીની ઉમ્મર અઢાર વર્ષની હતી. કેંટર્બરીનો [1]મુખ્ય ધર્માધ્યક્ષ, [2]રાજગૃહાધિકારી, અને રાજવૈદ્ય ત્યાં રાજા પાસે હાજર હતા, તેઓ તત્ક્ષણ કેન્સિંગ્ટન મહેલ જવાને નીકળ્યા. તેઓ ત્યાં સવાંરે પાંચેક વાગ્યાને સુમારે આવી પહોંચ્યા, ત્યારે મહેલમાં સઘળાં ઊંઘતાં હતાં. તેઓએ [3]ઘંટ વગાડયો; અને રાજકુંવરી વિકટોરિયાની હજૂરી આવી, તેને તેમણે કહ્યું કે "રા-

૧ ઇંગ્લાંડના ધર્મ મંડળના બે મુખ્ય ધર્માધ્યક્ષ છે; (૧) કેંટર્બરીનો અને (૨) યોર્ક તેમાં કેંટર્બરીનો સર્વોપરિ છે. ૨ રાજાના મહેલ વગેરેની વ્યવસ્થા રાખનાર સર્વોપરિ અમલદાર. ૩ ઇંગ્લાંડમાં ખબર આપવા માટે કે બોલાવવા માટે મોટે બૂમ પાડવાને બદલે ઘંટ વગાડવાનો રિવાજ છે.

જકુંવરીને જઈને કહે કે અમે અગત્યના કામ સારૂ તેને મળવાની વિનતિ કરીએ છીએ" હજૂરી બોલી, "રાજકુંવરી એવી મીઠી ઊંઘમાં છે કે તેને ઊઠાડવાની મારી હિંમત ચાલતી નથી." ત્યારે તેઓએ કહ્યું કે "અમે રાજ્યકાર્ય માટે રાણી સાહેબ પાસે આવ્યા છીએ, અને તે કારણસર એમની નિદ્રામાં પણ વિક્ષેપ થાય, તો અડચણ નહિ." થોડીક મિનિટમાં રાણી સાહેબ સૂવાના પોશાકમાં બહાર આવ્યાં. એના છૂટા વાળ ખભા ઉપર પથરાઈ રહ્યા હતા, પગમાં સપાટ હતી, અને આંખમાં આંસુ હતાં.

તેમણે તેમનો સંદેશો કહ્યો કે તરૂણ રાણી-સાહેબે કેંટર્બરીના મુખ્ય ધર્માધ્યક્ષ તરફ ફરીને કહ્યું કે "આપ મારે સારૂ ઇશ્વર પ્રાર્થના કરશો." ત્યારે જણે ઘૂટણીએ પડી પ્રાર્થના કરવા લાગ્યા કે 'એમને માથે આવી પડેલા બોજાને માટે જો ઇતાં ડહાપણ અને સામર્થ્ય એમને પ્રાપ્ત થાઓ.'

આવી રીતે આરંભાયલું રાજ્ય સુખકારક નીવડે, એમાં નવાઈ નથી. જ્યારે જ્યારે આપણે કરવાનું કામ મુશ્કેલ લાગે, ત્યારે ત્યારે ઈશ્વરની મદદ અને પ્રેરણા માટે આપણે પ્રાર્થના કરવી જોઇએ. એ પછી તરૂણ રાણીસાહેબ, ચોથા વિલિયમની વિધવા રાણીને પ્રીતિભર્યો દિલાસાનો કાગળ લખવા બેઠાં. ત્યાર બાદ કપડાં બદલવાને, અને પોતાને માથે આવી પડેલા બોજા વિષે પોતાની મા સાથે વાત કરવાને ઉપર ગયાં. એ પછી એમણે એકાંત રહેવાની મરજી બતાવ્યાથી સઘળાં એમની પાસેથી દૂર થયાં. પણ શાંત વિચાર કરવાને ઘણો વખત મળ્યો નહિં. નવ વાગ્યે ફરીથી કહેણ આવ્યું. મુખ્ય પ્રધાન લોર્ડ મેલ્બોર્ન મળવા આવ્યો હતો. અગિયાર વાગે રાણી સાહેબની મંત્રી સભાની પહેલી બેઠકમાં હાજર રહેવાને ઇંગ્લાંડના ઘણાક મહાપુરૂષો આવ્યા હતા. એ સભાના સભાસદોને "રાઈટ ઓનરબલ્" એટલે "ખરા

માનપાત્ર" કહેછે. તરૂણ રાણીસાહેબ માટે મુખ્ય પ્રધાને તૈયાર કરી રાખેલું ભાષણ તેમણે વાંચી સંભળાવ્યું. એ ભાષણના પહેલા શબ્દ આ હતાઃ—"જે સર્વજ્ઞ પરમેશ્વરે મને આ કામ સોંપવાનું યોગ્ય ધાર્યુંછે, તે મને એ બજાવવાનું સામર્થ્ય આપશે, એવી આશાનો મને આધાર ન હોત, તો એ ભયંકર જોખમદારીના ભારમાં હું છેક દબાઇ જાત." ત્યાર પછી સભાસદોએ એકે એકે આવીને એમના હાથને ચુંબન કર્યું[1] અને એમને નિમકહલાલ રહેવાનું વચન આપ્યું. એમની વર્તણુકથી સઘળા રાજી રાજી થઈ ગયા.

ઢંઢેરો—બીજે દિવસે ઢંઢેરાની ક્રિયા કરવામાં આવી. રિવાજ મૂજબ રાણી સાહેબ સેંટ જેમ્સના મહેલની એક બારીએ ઊભાં રહ્યાં. એમની પાસે

---

૧ ઇંગ્લાંડમાં રાજા અને રાણીને માન આપવાની રીત છે. સ્ત્રીવર્ગને પણ એ પ્રમાણે માન અપાય છે.

એમની મા ઉભી હતી; અને એમની આસપાસ મોટા મોટા અમીરો પોતાના દરબારી પોશાક પહેરીને ઉભા હતા. ગાર્ટર કિંગ એટ આર્મ્ઝ નામના અધિકારીએ બંદી અને તુરીકદીઓની મદદથી, જાહેર કર્યું કે "રાણી આલેક્ઝાંડ્રીના વિક્ટોરિયા આ સંસ્થાનોની ગાદીએ આવ્યાં છે. એમને અમે પરિપૂર્ણ નમ્રભાવ અને ખરા દીલના પ્રેમ સહિત સંપૂર્ણ નિમકહલાલી અને અચળ અધીનતાનું પણ લઇએ છીએ; અને ઇશ્વર, જેની કૃપાથીજ રાજા અને રાણીઓ રાજ્ય કરે છે, તેને પ્રાર્થના કરીએ છીએ કે રાજકુંવરી આલેક્ઝાંડ્રીના વિક્ટોરિયા લાંબાકાળ સૂધી સુખમાં રાજ્ય કરે, એવી મહેર કરજો. ઇશ્વર રાણી સાહેબનું રક્ષણ કરો!" ત્યાર પછી વાજાં વાગવા લાગ્યાં, તોપો છૂટી, અને હર્ષના પોકારોથી આકાશ ગાજી રહ્યું. તરૂણ રાણી સાહેબે અત્યાર સૂધી શાંત ધીરતા રાખી હતી. પણ હવે તે રહી શકી નહિ; અને તેથી એમણે પોતાની

માના ખભાપર માથું મૂકયું, અને આંખમાંથી આંસુની ધાર ચાલવા લાગી. મિસિસ બ્રોનિંગે એક કવિતા લખીછે. તેમાં આ પ્રસંગનું ઘણું અસરકારક વર્ણન કર્યુંછે:—

લલિત.

રડતાં રાણી હે! પ્રાર્થુ ઈશને,
સુખ ઘણાં ઘણાં દિવ્ય દો તને;
વળી અમાનુષી પ્રેમથી ભર્યું,
હૃદય તો કરો આર્દ્ર તાહરૂં.
જવ ઢળી પડી તપ્ત પૃથ્વીમાં,
*જમીનશા થશે ઘોર નાસમાં.

---

* જ્યારે કયામતને દિવસે સઘળાં તખતો ઢળી પડીને કબરની પેઠે જમીનદોસ્ત થશે ત્યારે વિંધાયલો હાથ (ઇસુ ખ્રિસ્તને ક્રોસપર ચઢાવી હાથ પગ છાતી વગેરેમાં ખીલા જડી મારી નાખ્યાં હતો) સ્વર્ગના દુતનાં મન હરે એવો મુકુટ તને પહેરાવો. તે મુગટ પહેરતાં તને રડવું નહિ આવે. એવો ભાવાર્થ છે.

કર વિંધાયલો ત્યાં ધરો તને,
મુકુટ જે હરે દૂત ચિત્તને;
મુકુટ દિવ્ય તે શીર શો ધરી,
ન છૂટશે તને અશ્રુની ઝરી.

ઢંઢેરા પછી આશરે ત્રણ અઠવાડિયે રાણી સાહેબ કેન્સિંગ્ટનમાંથી બકિંગ્હામ મહેલના રાજ નિવાસમાં રહેવા ગયાં. કેટલાંક ગરીબ લોકને આ બનાવ દીલગીરીનું કારણ થઇ પડયો. એનો અહીં એકજ દાખલો આપીશું.

કેન્સિંગ્ટન પાસે એક ઝૂપડામાં એક વૃદ્ધ સૈનિક જે ડયૂક ઑવ કેંટનો નોકર હતો, તે રહેતો હતો. ડચેસ ઑવ કેંટ અને તેની દીકરી વારંવાર એ કુટુંબની મુલાકાત લેવા જતાં હતાં. એ કુટુંબનાં બે બાળક બંદાં હતાં, તેમાંથી નાનો છોકરો મરણ પામ્યો અને છોકરી જીવતી રહી, પણ જન્મ રોગી રહી. રાણી સાહેબે કેન્સિંગ્ટન છોડયા પછી તરતજ એક પાદરી તે કુટુંબને મળવા ગયો હતો, તેણે

તે છોકરીને ઘણા આનંદમાં દીઠી. તે છોકરી પોતાના તકિયા નીચે હાથ ઘાલી એક ભજનનું પુસ્તક કાઢીને બોલીકે "જૂઓ, હવાં રાણીસાહેબે મને આ કંઇક તેમની એક હજૂરી સ્ત્રી સાથે મોકલ્યું છે, અને સાથે સંદેશો પણ કહાવ્યો છે. તેઓ કહેવડાવેછે કે 'હાલ હું ઇંગ્લાંડની રાણી થઇછું, તેથી મારે કેન્સિંગ્ટન છોડીને જવું પડયું છે, તો પણ તને હું વીસરી જઇશ નહિ.' પુસ્તકની કોરણ ઉપર રાણીસાહેબે પોતે ભજન વાંચ્યાં હતાં, તે તારીખના આંકડા મૂકેલા હતા; અને રાણીસાહેબને પોતાને હાથે બનાવેલું સુંદર [૧]ચિન્હક (માર્કર) પણ તેમાં હતું.

પટ્ટાભિષેક—વિકટોરીયા રાણીએ એકાદ વર્ષ રાજ્ય કર્યું, ત્યાં સુધી એમનો પટ્ટાભિષેક થયો

---

૧ ચોપડીમાં વાંચવાનું નિશાન રાખવા બનાવેલી શોભાયમાન વસ્તુ.

નહોતો. એમના કાકાઓએ પહેરેલો મુકુટ એમને ઘણો ભારી અને મોટો પડે એવો હતો, તેથી નવો મુકુટ બનાવવાનો હતો. વળી ચાંદો પાડવાના હતા, અને બીજી ઘણીએક તૈયારી કરવાની હતી. ૧૮૩૮ના જૂનની ૨૮મીએ વેસ્ટમિન્સ્ટર એબી નામના ઇંગ્લાંડમાં એક સૌથી જૂના અને સુંદર દેવળમાં પટ્ટાભિષેક કરવામાં આવ્યો. દશ કલાકે એકવીશ તોપની સલામતી છૂટી, એટલે રાણીસાહેબ દૂધિયા રંગના આઠ ઘોડાની મોટી દરબારી ગાડીમાં બેસીને બકિંઘામ મહેલમાંથી નીકળ્યાં. ગાડી આગળ ચાલી, એટલે હર્ષના પોકાર અને તાલીઓની શી વાત કહેવી ? વેસ્ટમિન્સ્ટર એબીમાં ઘણા ભભકાદાર પોશાક પહેરીને અમીર અને અમીરજાદીઓનાં ટોળે ટોળાં મળ્યાં હતાં.

હવે ઇશ્વર સ્તુતિનું પદ ગવાવા માંડયું, અને રાણીસાહેબ ઘૂટણીએ પડીને પ્રાર્થના કરવા

લાગ્યાં. પછી કેંટબેરીના મુખ્ય ધર્માધ્યક્ષે એમને એબી (દેવળ) ના ચારે ખૂણા તરફ ફેરવીને દરેક વખત મોટે અવાજે કહ્યું કે "ગૃહસ્થો, તમને હું આ રાજ્યનાં આ નિઃસંદેહ રાણીસાહેબ તમારી સમક્ષ કરૂં છું. એમને તમારી વફાદારીના કસમ લો." તે દરેક વખતે આમ બોલ્યો, ત્યારે "ઘણું જીવો, રાણી વિકટોરિયા !" ના પોકાર થયા, અને ત્યાર પછી લાલ પોશાકના તૂરવાદીઓએ તૂર વગાડયાં, અને પડઘમ વાળાઓએ પડઘમ વગાડયાં.

એ પછી પ્રાર્થનાનો આરંભ થયો, અને વ્યાખ્યાન ચાલ્યું. તે પૂરાં થયાં પછી રાણીસાહેબે મોટા બૈબલ પર હાથ મૂકીને પ્રતિજ્ઞા લીધી કે "હું પોતે મારા રાણીના ધર્મ નિમકહલાલીથી બજાવીશ." પ્રતિજ્ઞા લીધા પછી રાણીસાહેબ એક અસલી ખુરશી ઉપર બેઠાં. એ ખુરશીપર એમની પહેલાં ૩૩ રાજા અને ૪ રાણીઓ બેઠાં

હતાં; અને તેની નીચે એક જૂનો વિચિત્ર પત્થર મૂકેલો છે, તેના ઉપર સ્કૉટલાંડના રાજાઓ પોતાના પટ્ટાભિષેક વખતે સુંકડો વર્ષ સુધી બેઠા હતા. અહિંયાં રાણીસાહેબના માથા ઉપર એક સોનેરી કિનખાબનું થાન ધરી રહ્યા, અને એમના કપાળ અને હાથ ઉપર તેલનો અભિષેક કીધો; અને ત્યાર પછી કેંટર્બરીના મુખ્ય ધર્માધ્યક્ષે તરૂણ રાણીના માથા ઉપર મુકુટ મૂકયો. પછી રાણીસાહેબ માથા ઉપર મુકુટ સાથે સન્માનાસન નામની બીજી ખુરશી પર જઇને બેઠાં; અને સઘળા અમીરોએ એક પછી એક પોતાના ઉપમુકુટો[1] ઊતારી ઘૂટણિયે પડી, રાણી સાહેબના મુકુટને અડી વફાદારીના કસમ લીધા. સઘળી ક્રિયા પતી રહ્યા પછી રાણીસાહેબ પોકાર કરી રહેલી લોકની ઠઠમાં થઇને ઘેર ગયાં.

---

૧ ડયૂક વગેરે અમીરો ઊતરતા પ્રકારના મુકુટો પહેરેછે તે.

એ વખતે એમણે જાંબુઓ પોશાક પહેરેલો હતો, માથે મુકુટ હતો, જમણા હાથમાં રાજદંડ અને ડાબા હાથમાં ૧ભંડળ નામનો સોનેરી ગોળો હતો.

ગૃહસ્થાશ્રમ.

રાજકુંવર આલ્બર્ટની પહેલી ઓળખાણ– ઇંગ્લાંડનાં રાણી થયાં તે પ્રસંગે આ તરૂણ રાણીને ઘણાએક મુબારકબાદીના કાગળ આવ્યા હતા. એમાંનો એક કાગળ એમની માના મોટા ભાઇના બીજા દીકરા, રાજકુંવર આલ્બર્ટ નામના, જર્મનીમાં આવેલા સેક્સ–કોબર્ગના એમના સાંબંધવ તરફથી હતો. એ કાગળ નીચે પ્રમાણે હતો;—

"ઓન, તા. ૨૬મી જૂન. ૧૮૩૭.

"મારાં અતિ વહાલાં બ્હેન,

"તમારી જીંદગીમાં જે મોટો ફેરફાર થયોછે,

---

૧ પૃથ્વીની માલીકી દર્શાવનાર.

તે વિષે તમને મુબારકબાદી આપવાને મારે કંઇક લખવું જોઇએ.

"હવે તમે યુરોપમાં સૌથી મોટા રાજ્યનાં રાણી થયાંછો, અને લાખો મનુષ્યનાં સુખ દુઃખ તમારા હાથમાં રહેલાંછે. એ ભારી અને મુશ્કેલ કાર્યમાં ઇશ્વર તમને મદદ કરો, અને પોતાના બળથી તમને બળવાન્ કરો.

"હું ઇચ્છુંછું કે તમારૂં રાજ્ય લાંબું, સુખી, અને યશસ્વી થાઓ, અને તમારી પ્રજાની કૃતજ્ઞતા અને પ્રીતિ સંપાદન કરવામાં તમે ફતેહ પામો.

"હું વિનતિ કરૂંછું કે તમે તમારાં બોનનાં બાંધવોને પણ કોઇ કોઇવાર યાદ કરશો, અને તમે તેમના ઉપર અત્યાર સુધી જેવી માયા દર્શાવીછે, તેવી તેમના પર જારી રાખશો.

" મને તમે સદા તમારો અતિ નમ્ર અને નિમકહલાલ દાસ માનજો."

"આલ્બર્ટ."

રાણીના મામા અને બેલ્જિયમના રાજા લિયોપોલ્ડને લાગ્યું કે તેની ભાણેજ સાથે રાજકુંવર આલ્બર્ટનું લગ્ન થાય, તો ઘણું સારૂં જોડું બંધાય; તેથી તેણે આલ્બર્ટ અને અર્નેસ્ટ એ બે ભાઈઓને એક કાગળ આપી રાણીસાહેબ તરફ મોકલ્યા. તેઓ અગાઉ તેમના બાપ સાથે ૧૮૩૬માં ઇંગ્લાંડ આવ્યા હતા, તથા કેન્સિંગ્ટન મહેલમાં રહ્યા હતા; અને તે વખત રાજકુંવરી અને આલ્બર્ટ બન્નેની ઉમ્મર સત્તર વર્ષની હતી. ૧૮૩૯માં રાજકુંવર આલ્બર્ટ મોટો થયલો હતો અને દરેક બાબતમાં ઘણો આગળ વધ્યો હતો. તે ખૂબસુરત, સારો કેળવાયલો, અને વિચારવંત હતો; અને દરેક સારા કામમાં ઘણી હોંશ રાખતો હતો. એની બીજી મુલાકાતથી રાણીસાહેબ એના ઉપર એટલાં બધાં ખૂશ થઇ ગયાં કે પોતાના કુટુંબ અને મુખ્ય પ્રધાનની સંમતિથી તેમણે એની સાથે લગ્ન કરવાની મરજી બતાવી. ઇંગ્લાંડમાં રિવાજ તો એવો છે કે સ્ત્રીને

પુરૂષ માગું કરે; પણ રાણીસાહેબની મોટી પદવીને લીધે આ રિવાજ બલાદઈ ગયો. એ પછી રાણીસાહેબને પોતાની ધારણા મંત્રિસભાને જણાવવાની જરૂર હતી. આ પ્રસંગના સંબંધમાં એ પોતે કહેછે કે "ઓરડો ભરાઇ ગયલો હતો, પણ લ કોણ કોણ હતું, તેની મને ભાગ્યેજ ખબર હતી. પછી મેં મારૂં ટુંકું નિવેદન પત્ર વાંચી સંભળાવ્યું. મને મારો હાથ ધ્રૂજતો લાગતો હતો. પણ મેં કંઇ પણ ભૂલ કરી નહિ. સઘળું પૂરૂં થયું, એટલે હું સ્વસ્થ થઇને ઇશ્વરનો ઉપકાર માનવા લાગી."

લગ્ન—રાણીસાહેબનું લગ્ન ૧૮૪૦ ના ફેબ્રુઆરીની ૧૦ મીએ થયું. રાણીસાહેબને ગાડીમાં બેસીને જતાં જોવાને લોકોની ઠઠ રસ્તે ફરીથી ખાઝી. આ વખતે રાણીસાહેબને માથે મુકુટ ન હોતો, પણ નારંગીની કળીઓનો એક સફેદ હાર હતો, પાછલે પહોરે બાવીશ મૈલ સૂધી બાઝેલી

તમાશગીરોની ઠઠમાં થઇને અસંખ્ય શણગારથી શોભાયમાન કરેલે રસ્તે એ જુવાન જોડું ગાડીમાં બેસી વિંડસર ગયું.

રાણીસાહેબનો ગૃહસ્થાશ્રમ ઘણો સુખી હતો. એ અને રાજકુંવર આલ્બર્ટને પરસ્પર પરિપૂર્ણ પ્રીતિ હતી, અને તેઓના શોખ પણ એકસરખાજ હતા. તેઓ ઘોડે કે ચાલતા સાથે ફરવા જતાં; તેઓ સાથે ગાતાં અને વાજીત્ર વગાડતાં; તેઓ સાથે ચિત્ર ચીતરતાં; કેટલીકવાર રાજકુંવર રાણીસાહેબ આગળ પુસ્તક વાંચતો, તો કેટલીક વાર રાણીસાહેબ રાજકુંવર આગળ વાંચતાં. પણ આ પ્રમાણે તેઓ પરસ્પર ગમ્મત કરતાં એટલુંજ નહિ, પણ રાણીસાહેબના રાજ્યકાર્ય ઉપર પણ સંપૂર્ણ લક્ષ આપતાં. લગ્ન થયા પછી, રાણીસાહેબને પોતાની સલાહની મદદ આપી શકે, એટલા માટે રાજકુંવરે ખંતથી અભ્યાસ કરવા માંડયો; અને આ સલાહકાર રાણીસાહેબને માત્ર પોતાના

લાભ અને પ્રજાના લાભ માટેજ મળ્યાથી, એમને ઘણી મદદ થઇ પડી. પણ એથી કંઇ રાણીસાહેબે પોતાનો સ્વતંત્ર અભિપ્રાય છોડી દીધો નહિ; કારણ કે તે સમજતાં હતાં કે "સઘળી જોખમદારી મારે માથેછે."

૧. એમનું પ્રથમ બાળક બાદશાહીકુંવરી, વિકટોરિયા એડીલેડ, ૧૮૪૦ના નવેમ્બરની ૨૧મીએ જન્મી હતી.

હાલ માત્ર રાણીસાહેબનાં છોકરાંનાં નામજ જણાવીશું, અને તેમનો દરેકનો ટૂંકો હેવાલ આગળ આપીશું.

૨. આલ્બર્ટ એડ્વર્ડ, પ્રિન્સ ઑવ વેલ્સ, ૧૮૪૧ ના નવેંબરની ૯માએ જન્મ્યો હતો.

૩. રાજકુંવરી એલિસ ૧૮૪૩ના એપ્રિલની ૨૫ મીએ જન્મી હતી.

૪. આલ્ફ્રેડ, ડ્યુક ઑવ એડિન્બરો, ૧૮૪૪ના ઓગસ્ટની ૬ઠીએ જન્મ્યો હતો.

૫. રાજકુંવરી હેલીના (હાલ રાજકુંવરી ક્રિશ્ચિયન) ૧૮૪૬ ના મેની ૨૫ મીએ જન્મી હતી.

૬. રાજકુંવરી લુઇસ (હાલ માર્ચ્યનેસ ઑવ લોર્ન)૧૮૪૮ના માર્ચની ૧૭મીએ જન્મી હતી.

૭. આર્થર, ડ્યુક ઑવ કોનોટ ૧૮૫૦ના મેની ૧ લીએ જન્મ્યો હતો.

૮. લિયોપોલ્ડ ડ્યુક ઑવ આલ્બની, ૧૮૫૩ના એપ્રિલની ૭મીએ જન્મ્યો હતો.

૯. રાજકુંવરી બીટ્રિસ ૧૮૫૭ના એપ્રિલની ૧૪ મીએ જન્મી હતી.

રાણીસાહેબ અને રાજકુંવર આલ્બર્ટ પોતાનાં બાળકોની કેળવણીની ઘણી સંભાળથી નિગેહબાની રાખતાં હતાં. નાના રાજકુંવરોના માર્ગમાં ઘણી લાલચો આવી પડેછે. ઘણીવાર તેમની આસપાસ ખૂશામતિયા વીંટલાઈ વળેછે; અને તેથી તેઓને આળસુ રહેવાનું મન થાયછે, અને ગર્વિષ્ઠ અને સ્વચ્છંદી થઇ જવાનો ભય રહેછે; અને

વળી એથી પણ વાઢી ખાસિયતો પડવાનો સંભવ હોયછે. પાટવી કુંવરના જન્મ પછી રાણી સાહેબે લખ્યું છે કે "અમારો નાનો દીકરો કોના જેવો થશે, તેની મને બહુ ચિંતા રહેછે. તે શરીરે તેમ મને પણ દરેકેદરેક બાબતમાં તેના બાપ જેવો થાય, તેને માટે હું કેવી અંતઃકરણથી પ્રાર્થના કરૂંછું, એ વાત તમારા ધ્યાનમાં ઉતરશે; અને હું ખાતરી રાખુંછું કે દરેક માણસ એવીજ પ્રાર્થના કરતું હશે."

ઓસ્બોર્ન અને બાલમોરલ.

ઓસ્બોર્ન.--૧૮૪૬માં રાણીસાહેબે વૈટ ટાપુમાં આવેલી ઓસ્બોર્ન જાગીર ખરીદ કરી; અને તે એવી ધારણાથી કે એ શાંત એકાંતમાં એમનાં બાળકોને લંડન કે વિંડસર કરતાં વધારે સંતોષકારક કેળવણી આપી શકાય. એ જાગીર એક સુંદર પ્રદેશમાં આવી રહેલીછે, અને એની એક બાજુએ સમુદ્ર પોતાનો સુંદર દેખાવ આ-

પી રહ્યો છે. ત્યાં એક નવું મકાન બંધાવ્યું; અને તેની યોજના રાજકુંવર આલ્બર્ટે કરી હતી, તથા વાડી અને ફરવાની જગ્યા પણ તેણેજ આલેખી હતી. જ્યારે એ કુટુંબે તેમાં વાસ કર્યો, ત્યારે રાજકુંવર એવે પ્રસંગે જર્મનીમાં ગવાતું ઇશ્વરભજન બોલ્યો હતો. તેનો આરંભ નીચે પ્રમાણે છે;—

ભુજંગી છંદ.

"હરીએ ફરીએ ગૃહે સંચરીએ,
સદા ઇશરક્ષાની આશા કરીએ;
સુખે અન્ન દેજો સદા સહાય રે'જો,
મુએ શાંતિ મુક્તિ દયાનાથ દેજો.

ઓસ્બોર્નમાં છોકરાંઓને છૂટથી દોડતાં ફરવાની અને સ્વચ્છ હવા અનુભવવાની સારી સગવડ હતી. એક સુંદર બંગલો તેમના હવાલામાં આપ્યો હતો. તેની આગળના ભાગમાં, દરેકને માટે એક, એમ નવ નાની નાની વાડીઓ હતી.

આ ફૂલવાડીઓ સિવાય શાકની વાડીઓ, અને ઇંગ્લાંડમાં ખુલ્લી હવામાં ન ઊગી શકે એવા છોડો સારૂ ઉષ્ણાગાર હતાં. છોકરાંઓને તેનાં માળીની દેખરેખ નીચે દરરોજ બે ત્રણ કલાક કામ કરવાનું હતું. દરેકની પાસે સઘળાં જોઇતાં ઓજાર હતાં, અને તે દરકના ઉપર તેના માલીકનું નામ પાડેલું હતું. છોકરાઓ માટે સુથારીકામનું ખાતું હતું; અને તેમણે વળી તેમના બાપના હાથ નીચે રહીને એક નાનો કિલ્લો બાંધ્યો હતો. એમાં સઘળું કામ, અને તે છેક ઇંટ બનાવવા સુધીનું, તેમણે પોતાને હાથે કર્યું હતું.

તરૂણ રાજકુંવરીઓ માટે બંગલાના નીચલા ભાગમાં રસોઇખાનું તૈયાર કીધું હતું. ત્યાં તેઓ પૂરી અને (વિલાયતી) જલેબી અને સઘળી જાતની સાદી વાનીઓ બનાવતાં, તેમણે પોતે ઊગવેલાં શાક રાંધતાં, અને ફળનો મુરબ્બો કરતાં, અને અથાણાં

૧ કૃત્રિમ ગરમીવાળાં સ્થાન.

આથતાં શીખતી. કેટલીક વાર તેમણે રાંધેલું તેઓ પોતે જમતી હતી, કોઇ કોઇ પ્રસંગે તેમનાં માબાપને ટિફિન લેવા તેડતી હતી; પણ સાધારણ રીતે તો તેમણે તૈયાર કીધેલું જમણ ગરીબોને વહેંચી દેવામાં આવતું.

તે મકાનમાં વળી જડાજડ કૌતુકાલય હતું; પણ તેમાંની ઘણીખરી વસ્તુઓ રાજકુટુંબે પોતાના પર્યટનમાં ભેગી કરેલી વસ્તુઓ હતી.

અભ્યાસ માટે પણ ડહાપણ ભરેલા નિયમ બાંધવામાં આવ્યા હતા. રાજકુંવર અને રાજકુંવરીઓને ઘણા શિક્ષક હતા. પણ રાજકુંવર આલ્બર્ટ સઘળા ઉપર દેખરેખ રાખતો હતો. કોઇપણ પુસ્તક છોકરાંના હાથમાં આપવામાં આવે, તે પહેલાં તે પોતે વાંચી જુતો. રાણીસાહેબ પણ ઘણીવાર અધ્યયન શાળાની મુલાકાત લેતાં, અને કેટલીકવાર શિક્ષકનુ

૧ નવાઇની જડ વસ્તુઓ અને પ્રાણીઓના સંગ્રહનું સ્થાન.

કામ કરતાં. છોકરી નાનાં હતાં, તે અરસામાં સ્કોટલાંડના એક ધર્મોપદેશકની ન બાપી છોકરીને તેમની રક્ષક નીમવામાં આવી હતી. તે વિંડસર આવી તેના પહેલાજ વર્ષમાં તેની માને ભારી મંદવાડ આવી પડયો, તેથી તેણે તેની સંભાળ રાખવા જવાને પોતાની નોકરીનું રાજીનામું આપવા માગ્યું. પણ રાણી સાહેબે તેને તેમ કરવા ના પાડી, અને તે તરૂણીને પ્રેમપૂર્વક કહ્યું કે "તું તારે ઘેર જા અને જરૂર હોય, ત્યાંસૂધી તારી માની પાસે રહેજે; અને ત્યાર પછી પાછી આવજે. એ અરસામાં રાજકુંવર અને હું છોકરાંના પાઠ લઇશું. તું તારા મનમાં કશીવાતની ફીકર રાખતી નહિ."

બાલ્મોરલ.—૧૮૪૮માં રાણીસાહેબે સ્કોટલાંડના પહાડી મુલકમાં આવેલા બાલ્મોરલની પહેલ વહેલી મુલાકાત લીધી. એ એક નાની નદીના કિનારા પાસે રમણીય સૃષ્ટિ સૌંદર્યથી ઘેરાયલો સુંદર નાનો કિલ્લો હતો. હવા સ્વચ્છ અને તન-

દુરસ્ત હતી. ખડકો છોકરાંઓથી ચઢી શકાય એવા હતા, અને નદીપાર ઉતરાય એવી હતી; ભાડામાં વનફૂલો વીણી શકાય, અને લાલ હરણો ટેકરીઓપર કૂદતાં જોઇ શકાય, અને તેઓ કોઈ પહાડી સરોવરને કિનારે મીજબાની કરવા જાય, તો તેમને જોવાને અને તેમની સઘળી હાલચાલ તપાસવાને લોકનું ટોળું ભેગું થાય, એમ નહોતું. જ્યારે રાણીસાહેબે એ પહેલ વહેલો જોયો, ત્યારે એમણે લખ્યું કે સઘળું સ્વતંત્રતા અને શાંતિથી સજીવન થયલું, અને સંસાર અને દુઃખદાયક પરિતાપને ભૂલાવી નાખે એવું દેખાયછે."

સઘળી મુસાફરીમાં બાદશાહી ટોળી સાથે રાણીસાહેબનો નિમકહલાલ નોકર જોનબ્રૌન જતો હતો. તે તેના પહાડી પચરંગી પોશાકમાં રાણીસાહેબના ટટ્ટુને પહાડી રસ્તાઓ ઉપર દોરવતો હતો, અને પોતાની શેઠાણીની બનતી સંભાળ લેતો હતો.

ગરીબોની મુલાકાત.—રાણીસાહેબ અને રાજકુંવર આલ્બર્ટ તેમની બાલ્મોરલની જાગીર પરનાં સઘળાં ગરીબ માણસોપર ઘણો ભાવ રાતાં હતાં. દરેક ઝુંપડાની મુલાકાત લેતાં, અને સઘળાંને કામ પૂરૂં પાડતાં, અને બનતાં સૂધી વાડી માટે કે ગાય ચરાવાને એક એક નાનું ખેતર આપતાં. રાજકુટુંબ નિશાળની મુલાકાત લેતું. છોકરાંનાં ગાંયન અને ગાયન તપાસતું, અને તેમને પુસ્તકોનાં ઇનામ આપતું. એક ઉત્તમ પુસ્તકશાળા પણ સ્થાપી હતી.

રાણીસાહેબ પોતે ગરીબોની મુલાકાત લેવામાં આનંદ માનતાં, અને આસપાસ આવેલા દરેક ઝુંપડામાં જતાં અને ત્યાં બેસીને તે લોક સાથે છુટથી વાતો કરતાં. છોકરાં હોય તો તેમને સારૂ લંડનથી રમકડાં લાવતાં. ઘરડાં ગરીબ ગુરબાંને કપડાં અને બીજી વસ્તુઓની બક્ષીસ કરતાં. **"હાઇલેંડસમાં અમારા જીવનની નોંધમાં-**

થી પૃષ્ઠો" એ નામના પુસ્તકમાં રાણીસાહેબ આમાંની કેટલીક મુલાકાતો નીચે પ્રમાણે વર્ણવેછે:—

(એક પ્રસંગે રાણીસાહેબ લખેછે,) "આલ્બર્ટ આલ્ફ્રેડ સાથે આખો દિવસ બહાર ગયો હતો; અને હું બે છોકરી અને લેડી ચર્ચિલ સાથે બહાર નીકળી, અને દુકાને આવીને મેં ગરીબ લોક અને બીજાંને માટે કેટલીક ખરીદી કીધી. થોડેક રસ્તે ગાડીમાં બેઠી, અને પછી ઊતરી પડીને ટેકરીપર ચઢી બાલ્મિકોફટ (મિસિસ પીફ્રાકર્યુહાર્સનનું ઘર) ગઇ; અને તે ગરીબ લોકોનાં રહેઠાણ દેખાડવાને અને 'હું કોણ છું,' તે તેમને જણાવવાને કેટલેક ઝુંપડે મારી સાથે આવી. કોઇ પણ ઝુંપડે ગયા પહેલાં અમને એક ઘરડી ડોશી મળી, અને મિસિસ ફ્રાકર્યુહાર્સને કહ્યું કે 'એ ઘણી ગરીબ છે. અને છયાશી વર્ષની થઇ છે.' મેં તેને એક ઉનનો ઝભો આપ્યો, એટલે તેના ગાલઉપર

આંસુની ધારા ચાલી, અને તેણે મારી સાથે શેકહેંડ કરી ઇશ્વરને પ્રાર્થના કરી કે, 'એને સુખી કરજે!' આ બનાવ મનને બહુ અસર કરે એવો હતો.

"હું ઘરડી ફ્રિડીફ્રેંકની નાની ઓરડીમાં ગઈ તે છયાશી વરસની છે. પણ જરાએ નમેલી નથી. તેણે અમને ઘણા દબદબા સાથે આવકાર દીધો, અને બેશીને સૂતર કાંતવા લાગી. તેને પણ મેં એક ઉનનો ઝભો આપ્યો. તે બોલી, 'ઇશ્વર તમને અને તમારા કુટુંબને અહીં અને પરલોકમાં સહાય થાઓ; અને તમને ત્રેરો અને સઘળી વિપત્તિમાંથી બચાવો!' અમે ત્યાંથી વૃદ્ધ વિધવા સિમન્સને ઝુંપડે મળવા ગયાં. તેને ચાર કોડી કરતાં વધારે વરસ થયાં છે, અને તેનો ચહેરોતો સુંદર ગુલાબી છે. પણ તે કમરમાંથી છેક બેવડ વળી ગઇ છે. તેણે બહુજ ભાવ જણાવ્યો, અમારી સઘળાની સાથે શેકહેંડ કીધાં, હું કોણ છું, તે પૂછીને ઘણા પ્રેમ પૂર્વક આશીર્વાદ દીધા.

"અમે બીજાં ત્રણ ઝુંપડાંમાં ગયાં. મિસિસ સાઈમન્સને ત્યાં, એનો એક છોકરો માદો હતો; પછી એક નાનો વહેલો ઉતરીને એક બીજી વૃદ્ધ સ્ત્રીને ત્યાં; અને ત્યાર પછી સારંગીવાળા ક્લેરને ત્યાં ડોકિયું કર્યું. અમે ગાડીમાં બેસી પાછાં નીકળ્યાં, અને વૃદ્ધ મિસિસ ગ્રાંટને મળવા ઊતર્યા. તે ઘણીજ સ્વચ્છ અને ચોખ્ખીછે; અને તેને મેં એક પોશાક અને રૂબાલ આપ્યાં."

રાણીસાહેબ માદાંના ઉપર વિશેષે કરીને લક્ષ આપતાં, અને જરૂર લાગે તો દવાપણ મોકલતાં. કેટલીકવાર તેમની પથારી આગળ બેસતાં, અને તેમને દિલાસો આપતાં તથા પરલોકને માટે તૈયારી કરવાનું કહેતાં.

રાજ્ય કાર્ય ઉપર લક્ષ—રાણીસાહેબ જ્યારે આ પ્રમાણે બાલ્મોરલમાં પોતાની તનદુરસ્તી સુધારેછે, ત્યારે કંઇ કામકાજને કોરે મૂકતાં નથી. એની દરરોજની જીંદગીનો નીચેનો હેવાલ એક

ઇંગ્રેજી ચોપાન્યા ઉપરથી સંક્ષેપ કરીને આપેલોછે;–

રાણીસાહેબે પોતાનાં જૂદાં જૂદાં ખાતાંનાં કામ માટે અમુક કલાક અને અમુક દિવસ મુકરર કર્યા છે. આ કામના ગૃહવ્યવસ્થા અને રાજ્ય વ્યવસ્થા એવા બે મુખ્ય વિભાગ પાડી શકાય.

રાણીસાહેબને આખા યુરોપમાં બહોળાં સગપણછે. આ સંબંધ એઓ નિરંતર પત્રવ્યવહારથી તાજો રાખેછે; અને અઠવાડિયામાં એક આખા દહાડો બહારનાં સગાંને કાગળો લખવા માટે મુકરર કરેલો છે.

રાજવર્ગને બીજાં પણ ખાનગી કામ હોયછે અને તેના ઉપર કંઇ ઓછું લક્ષ આપવું પડતું નથી. સઘળા હીસાબ, સરકારનાં ખાતાંની સઘળી ચોપડીઓ, ખરચના સઘળા અડસટ્ટા, એક કે બીજી રીતે રાણીસાહેબને પોતાને રજૂ કરવામાં આવે છે.

હજૂર અમલદારો ઉપર બહારથી તાર પર

તાર ચાલ્યા આવેછે, અને બાલ્મોરલમાં લાંબી રજાના મધ્ય ભાગમાં પણ તેનો રોજનો સરવાળો પચાશ કરતાં ઓછો થાય, એમતો ભાગ્યેજ બને છે.

એથી કરીને આંતરે દિવસે અઠવાડિયામાં ત્રણ કલાક તો રાણીસાહેબને એકલા તાર ઉપરજ લક્ષ આપવું પડેછે.

ઉપર પ્રમાણે રાણીસાહેબના ખાનગી કામનો નીકાલ કરવા માટે એક દિવસ બાદ કીધાં પછી રાજ્યકાર્યના નીકાલ માટે કામ કરવાના પાંચ દિવસ રહેછે.

'પરદેશખાતામાં, હિંદીખાતામાં, કે સંસ્થાન ખાતામાં શું શું ચાલેછે, તે સઘળું રાણીસાહેબને જાણવાની જરૂર નથી, તોપણ તે જાણવાનાં સાધન તેના હાથ આગળ હમેશાં તૈયાર હોવાં જોઇએ,' એમ કર્યા વિના મંત્રીઓ સાથેના અને રાજ્યતંત્રનાં જુદાં જુદાં ખાતાં સાથેના રાણીસા

બનાસંબંધનો બરાબર ખ્યાલ ભાગ્યેજ આવી શકશે.

વળી રાણી સાહેબને મંત્રીઓના ખાનગી કાગળો આવેછે. દરેક રાજકીય ખાતાનો પાર્લામેંટનો મુખી રાણી સાહેબને પોતાનો અને પોતાના ખાતાનો હેવાલ નિયમિત મુદતે લખી જણાવેછે.

સઘળાં કાગળો રાણી સાહેબનો કાસદ બાલ્મોરલ લઇ આવેછે. આ મહાભારત ટપાલના કોથળામાંના કાગળો બાબતવાર જૂદા પાડવામાંજ કલાક ઉપર વખત લાગેછે, અને ત્યાર પછી રાણી સાહેબને ખબર આપવામાં આવેછે કે 'સઘળુ તૈયાર છે.' ઘણા એક કાગળો રાણી સાહેબને પોતાને હાથે ખોલવાને રહેવા દેવામાં આવેછે.

આ પ્રમાણે જેમ સાધારણ વ્યવહારમાં મિત્રો ઓળખાણવાળાં અને સગાં એક બીજાને કાગળ લખેછે તેવી રીતે કોઈ પરદેશી રાજ્યાધિપતિ એકે રાણી સાહેબના પોતાના એકાદ ફરજંદે, અથવા વખતે તેની પ્રજામાનું એકાદજણ જેની સાથે

એમણે મિત્રાચારી રાખવાની મહેરબાની કીધી હોયછે તેણે રાણી સાહેબને કાગળ લખ્યો હોયછે.

આ કામ જોઈશું તો રાજ્યાધિપતિના દરેક દિવસના કામ કરવાનુ સઘળાં વખત માટે પૂરતુંછે; તો પણ રાણી સાહેબનાં કામકાજની નોંધનો આટલેથીજ અંત આવતો નથી. હજુરમાં રહેલા મંત્રી સાથે મુલાકાત કરી ખુલાસા કરવાના હોયછે અને વળી પાળ્ળથી ભોજનને વખતે બીજાં થોડાંક કામ સંબંધી તકરાર ચલાવે,એમ બનવું અસંભવિત નથી.

વળી સાંજ પડી કે એમ ન સમજવું કે રાણી સાહેબની મહેનતનો અવશ્ય કરીને હંમેશાં છેડો આવ્યો. સ્ફુરતા અને નિયમ, અને અથાક ઉદ્યોગ, એ સઘળાને લીધે, અને તેની સાથે વફાદાર, ચોકસ, અને નિયમબંધ કામ કરનાર નોકર વર્ગની મદદ મળ્યાને લીધેજ, રાણી સાહેબે એશક એક અનુકરણ યોગ્ય કામદાર સ્ત્રી અને નમૂનાદાર અંકુશિત રાજ્ય કર્તાનું નામ મેળવ્યુંછે.

राज्ञीपतिनी जाहेर जींदगी.

રાજકુંવર આલ્બર્ટને તેના દીકરા આલ્બર્ટ પ્રિન્સ આવ વેલ્સથી ઓળખાય, તે માટે પાછળથી તે **રાજ્ઞીપતિ** કહેવા લાગ્યો. તેણે તેના લગ્નથી મરણ પર્યંત ઇંગ્રેજી પ્રજા, ઇંગ્રેજી રાજ્યનીતિ, ઇંગ્રેજી કાયદા, ઇંગ્રેજી હુન્નર, અને એ દેશને લગતી દરેક બાબત સમજવા પાછળ પોતાના પ્રયત્ન જારી રાખ્યા. તે દરરોજ ક્રેઝાક કલાક મિ. સેલ્વિન નામના પ્રખ્યાત બારિસ્ટર સાથે કાયદાનો અભ્યાસ કરતો હતો, અને રાણી સાહેબની સાથે હુલમકૃત ઇંગ્લાંડના અંકુશિત રાજ્યતંત્રનો ઇતિહાસ વાંચતો હતો.

રાજકુંવર આલ્બર્ટે પોતાનું પહેલું ઇંગ્રેજી ભાષણ ગુલામગીરીના નિષેધની તરફેણમાં ૧૮૪૦ના જૂનમાં કીધું; અને તે નિરાધાર લોક માટે પોતાનાથી બનતી કોશીશ કરવાને, અને કોઇ પણ

પરોપકારી કામમાં મદદ આપવાને, હંમેશાં તૈયાર રહેતો હતો. ગરીબ લોકની સ્થિતિ, તેમનાં ઘર, તેમની કેળવણી, અને તેમના ધંધા ઉપર ઘણું લક્ષ આપતો હતો; અને તેમને લાભ કરવા માટે ઘણી મહેનત લેતો હતો. ઇંગ્લાંડમાં કેટલાક માણસો મૂર્ખાઇથી ગરીબને પૈસાદારની સામું, કામ કરનારને તેમના શેઠની સામું ઉશ્કેરવાને પ્રયત્ન કરેછે. રાજકુંવર આલ્બર્ટે પોતાના એક ભાષણમાં આ બાબતપર નીચે પ્રમાણે યોગ્ય ટીકા કરી હતી;–

"ખાતરી કરીને માનજો કે વર્ગ વર્ગના લાભ જે ઘણીવાર એકેકથી વિરુદ્ધ દર્શાવવામાં આવેછે, તે એકજછે; અને માત્ર અજ્ઞાનતાને લીધેજ તેઓ એકસંપ કરી એક બીજાને લાભકારી થઇ પડવાથી અટકેછે. આ અજ્ઞાનતા દૂર કરવી, તેમ માણસ માણસને કેવી મદદ કરી શકેછે તે બતાવવું, એ દરેક પરોપકારી પુરૂષનો ઉદ્દેશ હોવો જોઇએ; પણ જેઓ ઇશ્વર કૃપાથી પદવી, દોલત, અને

કેળવણીના ભોક્તા હોય, તેમનું એ વિશેષે કરીને કર્તવ્યછે.

"ઇશ્વરે મનુષ્યને અપૂર્ણ બનાવ્યોછે, અને તેને ઘણીએક વાતની તંગી રાખીછે, તે જાણે એટલાજ માટે હશે કે દરેક માણસ જાત મહેનત કરવાને ઉત્તેજાય, અને દરેકને સમજાય કે માત્ર સંયુક્ત પ્રયત્નો અને એકત્ર ઉદ્યોગવડેજ આ અપૂર્ણતાઓના ખોટ પૂરી શકાયછે, અને [illegible] દૂર કરી શકાયછે. આવી સ્થિતિમાં આત્મનિષ્ઠા અને પરસ્પર વિશ્વાસની અપેક્ષા રહે છે."

ઉપલી ટીકા હિંદુસ્તાનને પણ એક સરખી રીતે લાગુ પડેછે. કેટલાંક વર્તમાન પત્રો યુરોપીયન અને દેશી વચ્ચે અભાવ ઉત્પન્ન કરવાને પ્રયત્ન કરેછે; પણ જો યુરોપીયન અને દેશીઓ એક બીજા સાથે ખરાદીલથી મળીને કામ કરે, તો દેશને સૌથી વધારે ફાયદો થાય.

રાજકુંવર આલ્બર્ટને કેંબ્રિજ યુનિવર્સિટીનો

ચાન્સેલર કરવામાં આવ્યો હતો. એની કારકીર્દીમાં એક એવો નિયમ કરવામાં આવ્યો કે ઉપપદના સઘળા ઉમેદવારોએ કાયદો, પ્રકૃતિશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, રસાયન શાસ્ત્ર, કે વનસ્પતિ શાસ્ત્રમાં એક 'ટર્મ' ભરવી જોઇએ.

રાજકુંવર આલ્બર્ટનું મુખ્ય જાહેર કામ ૧૮૫૧ નું મોટું પ્રદર્શન હતું. એ કામની એણે પ્રથમ આરંભ ૧૮૪૯માં કર્યો હતો, અને તેની યોજના અને તૈયારી કરવામાં મુખ્ય ભાગ લીધો હતો. એનો વિચાર એવો હતો કે પૃથ્વીની જૂદી જૂદી પ્રજાઓ એક સ્થાને ભેગી થઇ, તેમની પેદાશો અને કારીગરીઓનો પરસ્પર મુકાબલો કરે. તેણે તેમાંથી નીપજવાનાં જે પરિણામની આશા બાંધી હતી, તે આ પ્રમાણે દર્શાવેલાં છે;—

"મને દૃઢ આશા છે કે આ વિશાળ સંગ્રહના દેખાવની જોનારના ઉપર વહેલી અસર એ થશે કે સર્વ શક્તિમાન પરમેશ્વરે અહીં આ દુનિયા-

MEHTA LIBRARY
सत्यं शिवं सुन्दरम्

માં આપણને જે સુખ બક્ષેલાંછે, તેને સાટ તેના મનમાં પરમેશ્વર વિષે ઊંડી કૃતજ્ઞતાની વૃત્તિ ઉત્પન્ન થશે, અને બીજી અસર" એ થશે કે જે પ્રમાણમાં આપણે એકેકને મદદ કરવાને તૈયાર થઇશું, તેજ પ્રમાણમાં, અને માત્ર છૂટક છૂટક મનુષ્ય વચ્ચેજ નહિ પણ પૃથ્વીનાં એકત્ર પ્રજા મંડળો વચ્ચે પણ સંપ, પ્રેમ, અને સાહાય તત્પરતાવડેજ, એ સુખો આપણે મેળવી શકીશું."

આ પ્રદર્શન ઘણું કૃતેહમંદ નીવડયું હતું, અને એના જેવું આગળ કોઇવાર થયું નહોતું. એનું મકાન જેને બિલોર મહેલ કહેછે, તે તમામ બિલોર અને લોખંડનું બાંધવામાં આવ્યું હતું. એ ખુલ્લું મૂકવાની ક્રિયા રાણીસાહેબે ૧૮૫૧ના મેની ૧લીએ કરી હતી. રાણી સાહેબ લખેછે કે "ઝુલતાં તાડ, ફૂલ, પૂતળાં, ગ્યાલરી અને બેઠકો પર ચોપાસ બેઠેલાં હજારો માણસ અને તેની સાથે તતૂડાંનો નાદ, એ સ-

ઘળાંએ અમારા ઉપર પ્રદર્શનમાં પેસતાં એવી અસર કીધીછે કે મને તે કદી ભૂલાશે નહિ. થોડાંક સેકંડમાં આલ્બર્ટની બાજુએ [1]વિકી અને મારી બાજુએ [2]બર્ટી, એવી રીતે અમે આલ્બર્ટના અગ્રેસરપણા નીચે આગળ ચાલ્યાં." સઘળી તરફથી લાખો લોકો પ્રદર્શન જોવાને ભેગા મળ્યા હતા. પાછા ૧૮૬૧માં ભરવામાં આવનાર બીજા પ્રદર્શનની તૈયારી કરવામાં રાજકુંવર રોકાયલો હતો, એવામાં તેને દુર્ભાગ્યે મોત આડું આવ્યું.

---

૧ મોટી કુંવરી વિક્ટોરિયા એડીલેડનું લાડનું નામ. ૨ મોટા કુંવર આલ્બર્ટ પ્રિન્સ આફ વેલ્સનું લાડનું નામ.

राणीनो महान शोक.

એકવીશ વર્ષ સુધી રાણી સાહેબે પોતાના વહાલા પતિની સાથે ઘણું સુખ અનુભવ્યું હતું. તેમને નવ બાળક હતાં, અને તે સઘળાં હજૂ હયાત હતાં. સૌથી મોટી કુંવરી ૧૮૫૮માં પ્રશિયાના પાટવી કુંવર સાથે પરણી હતી. પણ હવે એક ગમગીન ફેરફાર થવાનો વખત આવ્યો. મૃત્યુ જેમ ગરીબના ઝુંપડામાં, તેમ રાજાના મહેલમાં પણ પ્રવેશ કરેછે. ૧૮૬૧ ના માર્ચમાં રાણીસાહેબની મા ડચેસ આવ કેંટ ગુજરી ગઇ. તે ૭૫ વર્ષની ઉમ્મરે પહોંચી હતી, અને ઘણું થયું ઘસારામાં પડી હતી. રાજકુંવર આલ્બર્ટ લખેછે;–"એના શોકનો પાર નથી. ગયાં બે વર્ષ થયાં એની માના સુખ ચહેનની સંભાળ રાખવી, એજ એનાં નિરંતર ચિંતા અને કામ હતાં; અને તેથી એની પ્રકૃતિ ઉપર ઘણી લાભકારી અસર થઇછે. એ લગભગ છેક એકાંતમાંજ રહેછે."

એજ વર્ષના ડિસેંબરમાં હજૂ તો રાણીસાહેબ એમની માના શોકમાં નિમગ્ન થઈ રહેલાં હતાં, એવામાં રાજકુંવર આલ્બર્ટ તાવમાં સપડાઇ પડયો. તા. ૮મી રવિવારે એની સ્થિતિ જોખમભરેલી થઈ પડી. તે ઘણો નબળો અને બિમાર હતો, તેથી જ્યારે પાછલે પહોરે કુટુંબનાં બીજાં માણસ દેવળમાં ગયાં, ત્યારે રાજકુંવરી એલિસ એકલી તેની પાસે રહી. રાજકુંવરે આકાશ અને તે ઉપર દોડતાં વાદળાં જોવાય માટે પોતાનો કોચ બારી આગળ ખેંચી લેવાનું કહ્યું. પછી તેણે રાજકુંવરી એલિસને વાજીંત્ર વગાડવાનું કહ્યું, અને રાજકુંવરીએ કેટલાંક તેની પસંદગીનાં ભજનો બજાવી સંભળાવ્યાં. કેટલોક વખત બજાવ્યા પછી રાજકુંવરીએ પાછું ફરીને જોયું, તો તેને પાછળ પડેલો દીઠો; અને તે જાણે પ્રાર્થના કરતો હોય, તેમ તેના હાથ જોડેલા અને આંખ મીચેલી હતી. તે એટલી બધી વાર હાલ્યા ચાલ્યા વગર પડી રહ્યો

કે રાજકુંવરીએ ક્યાંકે તે ઊંઘી ગયો હશે. પણ હવે તેણે આંખ ઊઘાડીને મોં પલકાવ્યું. રાજકુંવરી બોલી, "તમે ઊંઘી ગયા હતા, બાપા?" તેણે જવાબ દીધો, "નારે! માત્ર મને બહુ આનંદમય વિચાર આવતા હતા." તેના મંદવાડના અરસામાં તેના હાથ ઘણીવાર પ્રાર્થનામાં જોડાતા હતા; અને જ્યારે તે બોલતો નહિ, ત્યારે તેના શાંત ચહેરા ઉપરથી જણાતું કે "તેના આનંદમય વિચાર આખર સુધી તેની સાથેજ હતા."

ડિસેંબરની ૧૪ મીને શનિવારે પાછલે પહોરે ખુલ્લી રીતે જણાયું કે તેનો અંતકાળ આવી પહોંચ્યો હતો. રાણી સાહેબને ચુંબન કરતાં તેણે જર્મન ભાષામાં કહ્યું, "ભલી નાની બાઇડી." એ તેના છેલ્લા શબ્દ હતા. અને પછી તેણે પોતાનું માથું રાણી સાહેબના ખભા ઉપર ટેકવ્યું. થોડીવાર પછી રાણી સાહેબે તેના ઉપર વાંકા વળીને કહ્યું, "નાની બાઇડીછે;" પણ તે બોલી

શકયો નહિ, અને જવાબમાં પોતાનું ડોકું નમાવ્યું. કંઇપણ દેખીતા દરદ વિના તે અઘોરમાં પડયો, અને અગિયાર વાગે માલમ પડયું કે તેના આત્માએ આ માનુષી દેહ છોડયો હતો.

એના વૈદ્યે એક દહાડો એવી આશા દેખાડી હતી કે એ થોડા દહાડામાં સારો થશે; પણ રાજકુંવરે જવાબ દીધો કે "ના, હું સારો નથી થવાનો, પણ હું તૈયાર નથી એમ નથી: હું મોતથી બિહીતો નથી; હું ધારૂંછું કે હું તૈયારછું."

બીજે પ્રસંગે તે બોલ્યો હતો કે "હું જો હવે સંસારની માયામાં મન રાખુ, તો મને ખરેખરો દુઃખી સમજવો; પણ મેં મારૂં મન ઇશ્વરમાં મેળવ્યું છે."

રાજકુંવરના છેલ્લા મંદવાડમાં તેની આગળ બજાવેલાં ભજનોમાંના એકનો કેટલોક ભાગ નીચે પ્રમાણેછે;—

ભુજંગી છંદ.

"સમર્પું તને ઈશ આત્મા હું મારો;
દયાથી વપુ બંધ તું તોડનારો;
મળ્યો જન્મ આ માત્ર તારી કૃપાથી;
છુટયો મૃત્યુથી, લાભ બીજો શું આથી?
સદા જીવતાં કે મુએ તારો આશ;
રહું રાજી રાજી સદા જાણી પાસ"

રાણીનું વૈધવ્ય.

આવા ધણીના મરણથી રાણી સાહેબ શોકમાં ગર્ક થઇ જાય, એમાં નવાઈ નથી. એમ છતાં એઓ હિંમતથી ધૈર્ય રાખીને ઈશ્વરેચ્છાને અધીન થયાં. એમ કહેવાયછે કે તેમણે પોતાનાં રડતાં બાળક સાથે ઘૂટણીએ પડીને જોઇતું સામર્થ્ય મેળવવાને પરમેશ્વરની પ્રાર્થના કીધી. તેમણે પોતે લખ્યું છે કે "મારી માના મોત વખતે મને જેટલી ગમ્ગીની થઈ હતી, તેટલી આ આફતમાં

લાગી નથી;—તે વખતે હું એટલી બધી ઉચ્છૃંખળ થઇ હતી; પણ મારી આફતમાં જે દયા અને પ્રેમ ભળેલા છે, તે હું હાલ જોઉં છું."

રાણી સાહેબની પોતાની વિપત્તિએ તેમને બીજાનાં દુઃખ ભૂલાવી દીધાં ન હોતાં; પણ એથી ઉલટું તેમનું હૃદય એટલું પ્રેમી અને કોમળ અને દયાર્દ્ર થયું હતું, કે તેમની પ્રજામાં કંઇ પણ માઠો બનાવ બને તો એના મનમાં તેને માટે ઘણી ઊંડી અંતરની લાગણી થયા વિના રહેતી નહિ.

રાજકુંવર આલ્બર્ટને મૂએ બે મહીના નહિ થયા હશે, એટલામાં એક ભયંકર અકસ્માત્ બન્યો. બસો કોલસા ખોદનાર એક કોલસાની ખાણમાં જીવતા દટાઈ ગયા. રાણી સાહેબે તેની ખબર સાંભળી કે તેમના પોતાના શોકમાં પણ "તેમની ગરીબ વિધવા અને માતાઓને ઘણી સ્નેહ પૂર્વક દીલગીરી"નો તાર કર્યો. વળી આશ્રય માટે થયલા ભરણામાં ૨૦૦ પૌંડ મોકલ્યા.

૧૮૬૨ માં "ઇંગ્લંડની ઘણી વિધવાઓ" એ એક સુશોભિત પૂઠામાં બાંધેલું બૈબ્લ નજરાણા તરીકે ભેટ મોકલ્યું. રાણી સાહેબે "માયાળુ વિધવા સખીઓનો" હૃદયભેદક શબ્દોમાં ઉપકાર માન્યો, અને પોતાની દીલગીરીમાં આ એક દિલાસો મળ્યાની વાત જણાવ્યા પછી ઊમેર્યું કે "આપણો દિવ્ય પિતા 'ઘણી વિધવાઓ'ને એવાજ પ્રકારનો દિલાસો અને આધાર આપો. એવી હેમંત છિન્ન હૃદય રાણીની અંતઃકરણપૂર્વક પ્રાર્થનાછે."

રાજકુંવરના મૃત્યુ પછી કેટલાંક વર્ષ રાણી સાહેબ જાહેરમાં નીકળ્યાં નહિ. ૧૮૬૩માં જ્યારે પ્રિન્સ આવ વેલ્સ પરણ્યો, ત્યારે વિધવા રાણી સાહેબ સાદામાં સાદી વિધવા ટોપી, કાળો રેશમી પોશાક, ધોળો ગળેબંધ, અને કાળાં હાથનાં મોજાં પહેરીને દેવળની અંદર રાજબેઠક ઉપર એકલાં બેસી રહ્યાં હતાં.

રાજકુંવરી એલિસે પોતાના લગ્ન પછી માને

આ પ્રમાણે દિલાસો દેવાનો પ્રયત્ન કર્યો;—

"જે થોડી પ્રકાશમય વસ્તુઓ હજુ તારા સ્વાધીનમાં રહેલી છે, તેને ભેગી કરી તેની જાળવણી રાખવાનો પ્રયત્ન કર; કેમકે અગરજો તે જોઇએ એવી સતેજ નથી, તો પણ ભવિષ્યમાં જે અનહદ આનંદ મળવાનો છે, તેની તે પ્રતિમાઓ છે. મને ખાતરી છે, મા, કે પરમેશ્વરે જે કંઇ તારી પાસે રહેવા દીધું છે; તેની ખૂબ કરી તેમાંથી સુખ મેળવવાનો જેમ જેમ તું વધારે વધારે પ્રયત્ન કરશે, તેમ તેમ તું જે ભવિષ્યના ભંડારમાં ભરેલું છે, તેને માટે દરરોજ વધારે વધારે પાત્ર થતી જશે. નિરંતર અને હમેશ ઇશ્વર ઉપર વિશ્વાસ રાખ! મારી જીંદગીમાં મને એનાં આધાર અને બળ છે, અને જેમ દિવસ જતા જાય છે, તેમ એ વૃત્તિ પ્રબળ થતી જાય છે."

રાણીસાહેબ અગરજો એકાંતમાં રહેતાં હતાં, તોપણ રાજ્યકાર્ય ઉપર હંમેશ પ્રમાણે લક્ષ આ-

પતાં હતાં. અર્લ આવ બીકન્સફીલ્ડ પોતાના જાત અનુભવ ઉપરથી કહી શકેછે કે;—

"આ દેશમાંથી બહાર મોકલાયલાં અથવા પરદેશથી અહીં આવેલાં રાજ્યપત્રોમાં એકે એવું નહિ હોય કે તે રાણીસાહેબને રજૂ કર્યામાં નહિ આવ્યું હોય. આ દેશનો સઘળો અંતર્વ્યવહાર ઘણે અંશે રાજ્યાધિપતિના પોતાના હસ્તાક્ષર[1] ઉપર આધાર રાખેછે, અને એમ કહીએતો ખોટું નથી કે કોઇપણ રાજ્યલેખની મતલબ પોતે સમજ્યા વિના અને પોતે તે પસંદ કર્યા વિના, તેના ઉપર તેમણે કદી પોતાની સહી કરી નથી."

અગરજો તેમની જીંદગી હજૂ પણ તેમની ભારી ગમગીની છાયામાં કેટલેક અંશે ઘેરાયલી હતી, તોપણ રાણીસાહેબે ધીમે ધીમે જાહેરમાં વધારે વધારે દેખાવ દેવા માડયો.

---

૧ સહી.

રાજકુટુંબ.

હવે રાણી સાહેબના દરેક બાળકની ટૂંકી હકીકત આપીશું.

૧ બાદશાહી રાજકુંવરી.

રાજકુંવરી વિકટોરિયા, રાણીનું પહેલું બાળક હતી. જ્યારે એ નાની હતી, ત્યારે એની માના જૂના કૂકાવતી રમતી હતી, અને તેની પેઠે આસપાસ દોડતી અને કૂદતી ફરતી હતી. રાણી સાહેબ મછવામાં સહેલગાએ નીકળતાં, ત્યારે પણ "વિકી"નો પાઠ લેવાનો, તથા ઈતિહાસ પુસ્તક વંચાવવાનો વખત કાઢતાં.

બાદશાહી રાજકુંવરી ૧૮૫૮ના જાન્યુઆરીની ૨૫મીએ પ્રશિયાના પાટવીકુંવર સાથે પરણી હતી, અને તે તેના બાપ પછી જર્મનીનો શાહનશાહ થયો હતો. તેમને આઠ બાળક થયાંછે, અને તેમાંનાં છ હયાતછે. તેમાંનાં કેટલાંક પરણી ચુકેલાંછે, અને તેમને પોતાને બાળકછે.

બાદશાહી રાજકુવરી તેનાં માબાપનો શુભ દાખલો લઇને, તેનાં છોકરાં સવારનાં પાઠ શીખવા બેસતાં, ત્યારે તેઓ શું શીખેછે તે જાણવાને, અને તેમના અભ્યાસમાં તેમને ઉત્તેજન આપવાને, તેમની પાસે બેસતી. તે સાદી અને ઉદ્યોગી જીંદગી ગાળેછે. એકવાર એક સ્ત્રીનોકરે રાજકુંવરીને ઓરડાને એક છેડેથી બીજા છેડા સૂધી ખુરશી લઇ જતી દીઠી. એથી તેને વિસ્મય લાગ્યો અને મનમાં એમ આવ્યું કે તેણે નોકરને ખૂબ પાડવી હતી. રાજકુંવરીએ કહ્યું, "મારી મા ઇંગ્લંડની રાણીછે અને મેં તેને દરેક હાથમાં એકેકી ખુરશી લઈ જતાં અને તેનાં છોકરાંને માંડી આપતાં જોઈછે. કેટલીકવાર તેમનાં લૂગડાં પણ પોતે ઊતારેછે."

પ્રશિયાનો પાટવીકુંવર પોતે છાપવાની કળા શીખ્યો હતો; અને તેનો સૌથી મોટો દીકરો ચોપડીઓ બાંધતાં શીખ્યોછે.

પાટવી કુંવર તેના બાપ પછી જર્મનીનો શાહ-

નશાહ થયો હતો; પણ ટૂંકી મુદ્દત રાજ્ય કર્યા પછી ૧૮૮૮માં મરણ પામ્યો હતો. તેની વિધવા હાલ શાહનશાહબાનું ફ્રેડરિક કહેવાયછે. તેનો સૌથી મોટો દીકરો વિલિયમ બીજો શાહનશાહ થયોછે.

૨. પ્રિન્સ ઓવ વેલ્સ.

રાણીનો સૌથી મોટો દીકરો અને ગાદીનો વારસ, આલ્બર્ટ એડવર્ડ, ૧૮૪૧ના નવેંબરની ૯મીએ જન્મ્યો હતો. તે નાનો હતો ત્યારે તેની કેવી સંભાળ લીધી હતી, તે વાત અગાઉ કહી ગયા છીએ. બટુક અવસ્થામાં તે એક ટર્મ એડિન્બરો હાઇસ્કુલમાં દાખલ થયો હતો, અને પછી ઓક્સફર્ડ અને કેંબ્રિજમાં અભ્યાસ કીધો હતો. ૧૮૬૩ના માર્ચની ૧૦મીએ તે ડેન્માર્કની રાજકુંવરી આલેક્ઝાંડ્રા સાથે પરણ્યો હતો. તેમનાં પાંચ છોકરાનાં નામ નીચે પ્રમાણેછે.

૧ આલ્બર્ટવિક્ટર.—જન્મ દિવસ તા. ૮મી જાન્યઆરી, ૧૮૬૪.

૨ જ્યોર્જ ફ્રેડરિક.—જન્મ દિવસ તા. ૩૭ જુન ૧૮૬૫.

૩ લુઈસવિકટોરિઆ.—જન્મ દિવસ તા. ૨૦ મી ફેબ્રુઆરી, ૧૮૬૭.

૪ વિકટોરિયાઆલેક્ઝાંડ્રા—જન્મ દિવસ તા. ૬ ઠી જુલાઈ, ૧૮૬૮.

૫ મોડચાર્લોટ.—જન્મ દિવસ તા. ૨૬મી નવેંબર, ૧૮૬૯.

૧૮૭૨નું વર્ષ આખર થતી વખતે પ્રિન્સ ઑવ વેલ્સને જોખમ ભરેલી માંદગી આવી પડી હતી. એક મુલાકાતમાંથી પાછાં આવતાં, તેને, એક અમીરને, અને તેમની સાથે ગયલા એક ચરવાદારને ત્રિદોષ તાવનાં ચિન્હ દેખાયાં. પ્રથમ અમીર મરણ પામ્યો. પ્રિન્સેસ ઑવ વેલ્સે અને તે વખતે મુલાકાતે આવેલી રાજકુંવરી એલિસે રાજકુંવરની ઘણીજ સંભાળથી માવજત કરી, અને રાણીસાહેબ પોતાના દીકરાને જોવા આવતાં.

આખી પ્રજામાં તેના આરોગ્ય માટે ઉત્કંઠાપૂર્વક ઇશ્વરપ્રાર્થના ચાલી રહી. રાજકુંવરની તબિયત છેક એટલેસુધી બગડતી ચાલી કે તે કોઇને ભાગ્યેજ ઓળખતો; અને તેના બાપની સંવત્સરીને દિવસે એટલે તા. ૧૪મી ડિસંબરે તો તેના ચિંતાતુર માવજત કરનારાઓને લગભગ આશા છોડયા જેવું થયું. એમ છતાં એજ દિવસથી એની તબિયત સુધરવાપર ચાલી; અને ઘણુંકરીને જે દિવસે પેલો ચરવાદાર તેની સઘળી સંભાળ રાખ્યા છતાં પણ મરણ પામ્યો, તેજ દિવસથી એ જોખમમાંથી મુક્ત થયલો માલમ પડયો.

થોડાંક અઠવાડિયાં પછી માંદગીમાંથી ઉઠેલો વિવર્ણ રાજકુંવર તેની ખૂશી થતી માની બાજુએ ગાડીમાં બેસીને લોકની ઠઠ બાઝેલા અને ભભકાબંધ શણગારેલા લંડનના મહોલ્લાઓમાં થઇને સેંટપોલના મોટા દેવળમાં ગયો. ત્યાં રાજ્યનાં સઘળાં ઉત્તમ અને નામાંકિત મંડળીનાં ૧૩૦૦

મનુષ્યો, રાજકુંવરના સાજા થયા માટે સર્વ શક્તિમાન્ પરમેશ્વરનો ઉપકાર માનવાને ભેગાં મળ્યાં હતાં.

૧૮૭૫-૭૬માં પ્રિન્સ ઑવ વેલ્સે હિંદુસ્તાનની મુલાકાત લીધી હતી, અને સઘળા વર્ગના લોકે ખરા વફાદારીના ઊભરા સાથે તેનો સત્કાર કીધો હતો. એમ કહેવાય છે કે પ્રિન્સ ઑવ વેલ્સ દરેક રીતે તેના બાપના જેવો નાય, એવી રાણી સાહેબની ઉત્કંઠાપૂર્વક પ્રાર્થના હતી. તેમના વડા દીકરાને આપેલી ભેટ ઉપર નીચેની કવિતાછે, તે તેમના મનની ખરી વૃત્તિ બતાવી આપેછે;—

દોહરા.

સદાચરણ ભક્તિ વિષે,
પળજે [1]તેને પંથ;
દુર્બળ નિર્ધનને થજે,
સહાય રાખી ખંત.

૧ આલબર્ટને. ૨ આલ્બર્ટ.

સુખ કરજે તું અદ્દયને,
ધરીશ ન નિજ સુખધ્યાન;
સ્નેહ પેર તું પામશે,
[3]કીર્તિમાળ અમ્લાન.

જેમ જેમ વર્ષ ઉપર વર્ષ ચાલતાં ગયાંછે, તેમ તેમ તેની માન્તી પ્રાર્થના ફળીભૂત થતી ગઇંછે.

રાજકુંવરે સેંડ્રિંગ્ હામની જાગીર ખરીદ કરી છે, તેમાં એક તેનું ખેતર છે, તેના ઉપર એ બહુ દીલ રાખેછે. ઢોર અને ઘેટાંની જાત સુધારવાને એણે બહુ મહેનત લીધીછે. હિંદુરાજાઓ અને જમીનદારો એનો દાખલો અનુસરે તો બહુ ઉપયોગી થઇ પડે.

દેશની આબાદીમાં વધારો કરે એવાં પ્રદર્શનોમાં પણ રાજકુંવરે આગળ પડતો ભાગ લીધો છે. વળી બ્રિટિશ શહાનશાહતની પેદાશો અને કારીગરીઓ સાધારણ રીતે જાણીતી કરવાના તથા

૩ ન કરમાય એવી કીર્તિરૂપી માળા.

બેમની ખપત વધારવાના ઇરાદાથી, તેમના નમૂનાઓનો સંગ્રહ કરવા સારૂ તેણે લંડનમાં બાદશાહી સંગ્રહસ્થાન સ્થાપ્યું છે.

રાજકુંવરે પોતાનાં બાળકની કેળવણીમાં તેના બાપનું ડહાપણ દેખાડયું છે. જુવાન રાજકુંવરોને લંડનમાં ઘણી લાલચોમાં લપટાવાનો સંભવ હોય છે. જ્યારે એના બે દીકરા મોટી ઉમરના થયા, ત્યારે તેમને એક શિક્ષાગુરૂના હવાલામાં સોંપી એક મનવારમાં દુનિયાની લાંબી સેફર કરવાને મોકલ્યા. રાજકુંવરોને માત્રમની જગાએ નીમ્યાહતા, અને તેથી તેમને બીજા જુવાન અમલદારોની પેઠે વહાણપર કામ કરવાનું હતું. રાજકુંવરોના સંબંધમાં ફેર માત્ર એટલોજ રાખવામાં આવ્યો હતો કે જ્યારે વહાણ કોઈ બંદરમાં આવતું, ત્યારે તેમને ઊતરી કિનારે જવા દેતા હતા. તેઓ તેમની મુસાફરીનો હેવાલ રાખતા હતા, અને તે પાછળથી છપાવવામાં આવ્યો હતો.

રાજકુંવર આલ્બર્ટ વિક્ટરે ૧૮૯૦માં હિંદુસ્તાનની મુલાકાત લીધી હતી. ત્યારપછી તેને ડયુક ઑવ કલારેન્સ અને એવંડેલનાં અમીરપદ આપવામાં આવ્યાં હતાં, અને ભવિષ્યના ગાદીવારસ તરીકે તેને રાજ્યકાર્યમાં કેળવવા માટે ઈંગ્લાંડમાં રાખવામાં આવ્યો હતો. પણ ૧૮૯૨ ના જાન્યુઆરીની ૧૪મી એ ઇન્ફ્લુએન્ઝાના દરદથી તેનું અકાળમૃત્યુ થયું, અને તેથી આખા બ્રિટિશ રાજ્યમાં શોક પથરાઈ રહ્યો હતો.

રાજકુંવર જ્યોર્જ દરિયાઇ લશ્કરમાં અમલદાર હતો, અને તેને એક મનવારની અમલદારી સોંપવામાં આવી હતી પણ તેના મોટાભાઈના મૃત્યુથી તે ગાદીવારસ થયાથી તેને તેમાંથી મુક્ત કરી રાજ્યકાર્યમાં કેળવવા માટે ઈંગ્લંડ બોલાવી લેવામાં આવ્યોછે; અને તેને હાલ ડયુક આવ યોર્ક, વગેરેનાં અમીરી પદ આપવામાં આવ્યાં છે.

૩. રાજકુંવરી એલિસ.

રાજકુંવરી એલિસ ૧૮૪૩ના એપ્રિલની ૨૫ મીએ જન્મી હતી. તે જ્યારે એક વર્ષની હતી, ત્યારે તેના બાપે તેને "ભલી આનંદી છોડી" કહી હતી, અને તેમાં તેની માએ ઉમેર્યું હતું કે "તે ઘણી પતરાજીખોર નાની છોડીછે." તે મોટી થઈ ત્યારે ઘણી ગમ્મત કરવી અને સઘળી જાતની અંગકસરતમાં આનંદ માનતી હતી. એના બાપના આખરના મદવાડમાં એણે તેની કેવી મા-વજત કીધી હતી, અને એની માને દિલાસો આપવાને કેવો પ્રયત્ન કીધો હતો, એ વાત આગળ કહી ગયાછીએ. આ બનાવની રાજકુંવરી ઉપર એવી અસર થઈ કે તે "એકદમ ડાહી અને દીર્ઘદર્શી સ્ત્રી થઇ ગઈ, અને બીજાઓના ભલામાં જીંદગી ગાળવા લાગી, અને મોટાં અને નાનાં સઘળાં તેને ચહાવા અને માન આપવા

લાગ્યાં. '૧૮૬૨ના જુલાઇની ૧૬મીએ તે હેસના રાજકુંવર લુઇ સાથે પરણી. ૧૮૬૪માં તેને લખ્યુંછે કે "અમારી જીંદગી અતિ ઘણી સુખી છે. મારી આ દુનિયાની સઘળી અભિલાષા સફળ થઇછે." એની માને એ ઘણીવાર લખતી. એનાં એક કાગળમાં લખેછે કે "ગ્રાંટબ્રૌનને એની માના નોકરો, અને વહાલા સ્કોટલંડમાં ઘરનાં સઘળાંને મારી વતી બોલાવજે."

રાજકુંવરી એલિસે પોતાનાં છોકરાંને જાતે ઉછેર્યા હતાં, અને તે તેમના પોશાક પણ જાતે બનાવતી હતી. એની માની પેઠે ગરીબોની મુલાકાત લેવામાં અને તેમને મદદ કરવાના પ્રયત્ન કરવામાં એ ઘણી ખુશી માનતી હતી. ફ્રાન્સ અને જર્મન વચ્ચેની ભયંકર લઢાઇના અરસામાં જે શહેરમાં તે રહેતી હતી, તે ઘાયલ થયલા અને મરણ પથારીએ પડેલા સૈનિકોથી ભરભૂર હતું.

એણે તેમને સારૂ આવજત કરનારીઓ મોકલી, અને તેમની સઘળાની બરાબર સંભાળ લેવાય છે કે નહિ, તેની તપાસ રાખવાને જાતે જતી હતી. પોતાનો મોટો દરજ્જો છતાં, તે ભભકો રાખતી નહિ. એ એકવાર "દુર્ભાગી આશ્રયસ્થાન"માં ગઈ, ત્યારે તેની રક્ષક સ્ત્રીએ પૂછયું કે "તમે કોણછો, તે આ માણસોને જણાવું ?" પણ એણે જવાબ દીધો કે "ના; હું માત્ર જેમ એક સ્ત્રી બીજી સ્ત્રીને મળવા આવે, તેમ આવી છું."

પણ ભવિષ્ય ભંડારમાં એને સારૂ ભારી વિપત્તિઓ ભરેલી હતી. એનો ધણી સૈનિક હતો અને બે મોટી લઢાઇમાં ગુંથાયો હતો, અને તેથી ક્યારે પણ તેના મોતના સમાચાર એની પાસે આવી પડે, એમ હતું. ૧૮૭૩માં એના બેમાંનો એક દીકરો ઊંચી બારીએથી પડીને જોતજોતામાં મરણ પામ્યો. ૧૮૭૮

૧ દુઃખી અને નિરાધાર લોકોને આશ્રય આપવા માટેનું મકાન.

માં એના ધણી અને પાંચ છોકરાંને ભારી મંદવાડ આવી પડયો, અને તેમાં એનું સૌથી નાનું બાળક મરણ પામ્યું. બીજાં બધાં સારાં થયાં; પણ તેમના ખરા જોખમના વખતમાં રાજકુંવરીએ જાતે તેમની માવજત રાખી હતી, અને તે રોગ એનેલાગુ પડયો, અને તેમાં એના પ્રાણ ગયા. "વહાલા બાપા" એ એના છેલ્લા શબ્દ હતા. આ પ્રમાણે એ ૪૬ વર્ષની ઉમ્મરે મૃત્યુ પામી, પણ એની પરોપકારી જીંદગી ભવિષ્યમાં ઘણા જમાના ઉપર અસર કરશે. રાણીસાહેબનાં છોકરાંમાંથી મૃત્યુનો પ્રથમ ભોગ થઇ પડનાર એજ હતી.

૪. રાજકુંવર આલ્ફ્રેડ ડયુક આવ એડિન્બરો.

રાજકુંવર આલ્ફ્રેડને ખલાસીની કેળવણી આપવામાં આવી હતી, અને એ હાલ ભુમધ્ય સમુદ્રના કાફલાનો સેનાપતિછે. ૧૮૬૯–૭૦માં એણે હિંદુસ્તાનના કેટલાક ભાગની મુલાકાત લીધી હતી.

૧૮૭૪માં એ રશિયાના મહુલ્ય શાહનશાહની દીકરી રાજકુંવરી મેરી સાથે પરણ્યો. ઈંગ્લંડ અને રશિયાનાં રાજકુંટુંબો નિકટ સંબંધીછે. રશિયાનો હાલનો ઝાર (શાહનશાહ) પ્રિન્સેસ ઑવ વેલ્સની એક બહેન સાથે પરણેલોછે, અને ડચેસ ઑવ એડિન્બરો હાલના ઝારની બહેનછે. ડ્યુક ઑવ એડિન્બરોને એક દીકરો અને પાંચ દીકરીઓછે.

૫. રાજકુંવરી હેલીના.

રાજકુંવરી હેલીના વીશ વર્ષની ઉમ્મરે ઓગસ્ટન્બર્ગના રાજકુંવર ક્રિશ્ચિયન સાથે પરણી હતી અને તેમને બે દીકરા અને બે દીકરી હયાતછે.

૬. રાજકુંવરી લુઇસ.

રાજકુંવરી લુઇસ ૧૮૭૧માં ડ્યુક ઑવ આર્ગિલના દીકરા માર્કિસ ઑવ લોર્ન સાથે પરણી હતી. પણ તેમને કંઇ સંતતિ નથી.

૭. રાજકુંવર આર્થર ડ્યૂકઑવ કોનોટ.

રાજકુંવર આર્થરડ્યુક ઑવ કોનોટ, સૈનિક

છે. ૧૮૭૯માં તે પ્રશિઆની રાજકુંવરી લુઇસ સાથે પરણ્યો હતો. ડ્યુક ઑવ કોનોટ કેટલોક સમય હિંદુસ્તાનમાં લશ્કરી અમલદાર તરીકે રહ્યો હતો, અને તેની અહીંની સ્થિતિના છેલ્લા ભાગમાં મુંબઇના લશ્કરનો સેનાધિપતિ હતો; અને તેણે આ દેશના વતનીઓ તરફ ઘણાં સદ્ભાવ અને સદ્વૃત્તિ દર્શાવ્યાં છે.

૮. રાજકુંવર લિયોપોલ્ડડ્યૂક ઑવઆલ્બની.

રાજકુંવર લિયોપોલ્ડ, ડ્યુક એવા આલ્બની, ૧૮૫૩ના એપ્રિલની ૭મીએ જન્મ્યો હતો. એની તબિયત હમેશ નાજુક રહેતી હતી. સ્વભાવ અને ગુણમાં એ એના બાપને મળતો હતો. ૧૮૮૨માં એ વોલ્ડેકની રાજકુંવરી હેલીના સાથે પરણ્યો હતો, પણ ૧૮૮૪માં મૃત્યુ પામ્યો. એની પાછળ એક બાળક છોડી રહી હતી, અને એના મૃત્યુ પછી થોડેક મહીને એક દીકરાનો જન્મ થયો હતો.

૯ રાજકુંવરી બીટ્રિસ.

રાણીસાહેબનું સૌથી નાનું બાળક ૧૮૫૭ના એપ્રિલની ૧૪મીએ જન્મ્યું હતું. એ રાજકુંવરી પોતાની વીધવા માને દિલાસો અને મદદ થઈ પડે, માટે ૨૮ વર્ષની ઉમ્મર સૂધી કુંવારી રહી હતી. ૧૮૮૫ માં એ બેટન્બર્ગના રાજકુંવર હેન્રી સાથે પરણી; પણ એ બન્નેનો મુકામ રાણીના મહેલમાં હોયછે.

મહારાણીના રાજ્યમાં હિંદુસ્તાનમાં સુધારો.

રાણીસાહેબના લાંબા રાજ્યકાળનાં અરસામાં હિંદુસ્તાનમાં જે જે બનાવ બન્યાછે, તે સઘળાનો ઘણો ટૂંકો હેવાલ આપતાં પણ હદપાર જગ્યા રોકાઇ જાય. તેથી માત્ર ત્રણ બનાવોવિષે જ લખીશું.

૧. ૧૮૫૮ના નવેંબરની ૧લીએ લોર્ડ કેનિંગે બાદશાહી જાહેરનામું બહાર પાડયું, અને જાહેર

કીધું કે આ દેશનો રાજ્યકારભાર ઈસ્ટ ઈંડિયા કંપનીના હાથમાંથી રાણીસાહેબે પોતાના સ્વાધીનમાં લીધોછે.

૨. ૧૮૭૭ના જાન્યુઆરીની ૧લીએ લોર્ડ લિટન વાઇસરાય હતો, ત્યારે દિલ્હીમાં રાજાઓ નેં અમીરોનો મોટો મેળાવડો મેળવી તેમાં રાણીસાહેબે કૈસરે હિંદ (એટલે હિંદુસ્તાનનાં મહારાણી) નું પદ ધારણ કરેલું જાહેર કરવામાં આવ્યું હતું.

૩. ૧૮૭૭ ના ફેબ્રુઆરીની ૧૬મીએ લોર્ડ ડફરિનની કારકીર્દીમાં જુબિલીઉત્સવ પાળવામાં આવ્યો હતો; અને તે શુભપ્રસંગનો લાભ લઈને તેની યાદગીરી કાયમ રાખવા માટે સાર્વજનિક ઉપયોગનાં કામો ઉઠાવવા સારૂ મોટી મોટી રકમો ભરવામાં આવી હતી.

આ મુદતમાં હિંદુસ્તાનમાં કેવા કેવા સાર્વત્રિક સુધારા થયા છે તે નીચેની નોંધ ઉપરથી લક્ષમાં આવશે.

૧ આરોગ્યવૃદ્ધિ—વૈદ્યક પાઠશાળાઓ સ્થપાઈ છે; દવાખાનાંઓ ખુલ્યાં છે. ગોશીતલાએ સૈયદના ઝપાટા ઓછા કર્યા છે. વળી કેટલાંક મુખ્ય શહેરોમાં ચોખ્ખાં પાણીની ગોઠવણ થઈ છે.

૨ દુનિયામાં સૌથી મોટાં નહેરકામથી ખેતીમાં વધારો—વરસાદની તંગીથી હિંદુસ્તાન ઉપર નાશકારક દુકાળો આવી પડે છે, એવે વખતે નહેરકામ એક સૌથી સરસ રક્ષણનો ઉપાય છે. હાલ ૯,૦૦૦ મૈલની નહેરો છે, અને તેમાંથી ૨૦,૦૦૦ મૈલની નીકોવડે આસપાસ પાણી પહોંચાડવામાં આવેછે.

૩ પાકા, રસ્તા, રેલવે અને આગબોટથી થયેલી મુસાફરી અને વેપારને સગવડ—વિકટોરીયા-રાણી ગાદીએ આવ્યાં, ત્યારે હિંદુસ્તાનમાં બાંધેલા રસ્તા તો ભાગ્યેજ હતા, અને એક મૈલની પણ રેલવે નહોતી. લોકો પાલખીમાં, ટટુપર, કે પગે, મુસાફરી કરતા; અને માલ પોઠિયા

ઉપર લઈ જતા. જ્યારે કોઇ ઠેકાણે દુકાળ પડતો ત્યારે પુષ્કળ પેદાશવાળા જીલ્લાઓમાંથી ત્યાં અનાજ મોકલી શકાતું નહોતું, અને સંખ્યાબંધ માણસો મરી જતાં. હાલ આશરે ૧,૦૦,૦૦૦ મૈલનો પાકો રસ્તો, અને ૧૬,૦૦૦ મૈલની રેલવે બંધાઇ છે, અને દર વર્ષે તેમાં ઉમેરો થતો જાય છે. ગંગા અને જમનાં જેવી મોટી નદીઓ ઉપર પૂલ બંધાયા છે. ૧૮૯૯ માં આશરે ૧૧ હજાર માણસોએ રેલવે મારફત મુસાફરી કીધી હતી. હિંદુસ્તાનના સઘળા કિનારાની આસપાસ આગબોટો ચાલેછે, અને કેપ. ઑવ ગુડહોપને માર્ગે ત્રણ મહીનાની મુસાફરીને બદલે હાલ સ્વેઝની નહેરમાં થઇને મુંબઈથી ૧૫ દિવસમાં ઇંગ્લંડ પહોંચાય છે.

૪ વરાળયંત્રથી વણાટનું દાખલ થવું, અને ઘણા સૂતરાઉ માલનું પરદેશ જવું—જેમ રેલવે ટ્રેનની બરાબર ઘોડો દોડીશકે નહિ, તેમ વરા-

ળયંત્રની સાથે હાથથી કામ કરનાર વણકરો ટકી શકે નહિ. વરાળયંત્રથી વણવાનું પહેલું કારખાનું ૧૮૫૪માં મુંબઇમાં ઊભું થયું હતું. હાલ દેશના જૂદા જૂદા ભાગોમાં આશરે ૧૦૦ કારખાનાં છે. અને તેમાં આશરે ૮૦,૦૦૦ કારીગરોને રોજી મળેછે.

૫. દુનિયાના મુખ્ય દેશોસાથે તારનો સંબંધ. વિકટોરિયા રાણી જુનની ૨૦ મીએ ગાદીએ બેઠાં. એ ખબર હિંદુસ્તાનમાં જેમ બને તેમ જલદીજ મોકલવવામાં આવી હશે, તોપણ એ ખબર ઓગસ્ટની ૨૫ મી સૂધી એટલે ત્રણ મહિના સૂધી, હિંદુસ્તાનના સરકારી ગેઝેટમાં જાહેર કરવામાં આવી નહોતી. હાલ ઈંગ્લંડની ખબર આશરે એક કલાકમાં મેળવી શકાય. હિંદુસ્તાનમાં આશરે ૨૨,૦૦૦ મૈલ સૂધી તાર નાખેલા છે.

૬ ટપાલના દરમાં ઘટાડો—દેશી અમલમાં કાગળો ખાનગી કાસદો સાથે મોકલવામાં આવતા. બ્રિટિશ સરકારે જાહેર ટપાલખાતુ સ્થાપ્યા પછી

કેટલોક વખત સૂધી થોડાજ કાગળો આવતા; અને ટપાલનો દર પણ ભારી હતો. ૧૮૫૪માં ઘણો સસ્તો એક સરખો દર અમલમાં લાવવામાં આવ્યો, ત્યારથી કાગળની સંખ્યામાં દરવર્ષે ઘણો વધારો થતો ચાલ્યોછે.

૭ કેળવણીનો પુષ્કળ વધારો—રાણી સાહેબ ગાદીએ આવ્યા પહેલાં કેટલીક પાઠશાળા સ્થપાઈ હતી, અને દેશી નિશાળો સ્થાપવાને કંઈક પ્રયત્ન થયા હતા. પણ હિંદુસ્તાનમાં કેળવણીને પ્રથમ ઉત્તેજન આપનાર ૧૮૫૪નો રાજલેખ હતો. ૧૮૫૭માં ત્રણ હિંદી યુનિવર્સિટીઓ સ્થપાઇ. ૧૮૮૭–૮૮માં આશરે ૧,૩૦,૦૦૦ પાઠશાળા અને શાળામાં મળીને લગભગ ૩૫ લાખ વિદ્યાર્થી હતા, અને કેળવણી ઉપર ૨½ કરોડ કરતાં વધારે ખરચ થયો હતો.

૮ વર્તમાનપત્રો અને પુસ્તકોની સંખ્યામાં ઘણો વધારો—૧૮૩૭માં આખા હિંદુસ્તા-

નમાં આશરે પાંચ છજ દેશી વર્તમાનપત્ર હતાં, અને તેમનો ફેલાવો પણ ઘણો થોડો હતો. હાલ ૪૦૦થી વધારે વર્તમાનપત્ર અને ચોપાનિયાં નીકળેછે. તેમાંનાં કેટલાંક ઘણી સારી રીતે ચલાવવામાં આવેછે, અને તેના વાંચનાર પણ ઘણાછે. છાપેલાં પુસ્તકોનો પણ એજ પ્રમાણે વધારો થયોછે.

૯ દેશના રાજ્યકારભારમાં સુધારો—દેશી અમલમાં સરકારી અમલદારોના પગાર ટુંકા અને તે પણ અનિયમિત રીતે અપાતા હતા, અથવા તેમને હકસાઇ મળતી. એથી કરીને દરેક ઠેકાણે લાંચ અને જૂલમ ચાલતાં. જૂના વર્ગના દેશી અમલદારોને બદલે હાલ પૂરતા અને નિયમસર મળતા પગારના કેળવાયલા અમલદારો નીમાયાછે, અને તેથી દેશનો કારભાર વધારે સારો ચાલેછે. અગર જો હજૂ કોઇ કોઇવાર અન્યાયના બનાવો બનેછે, અને ઘણીવાર પોલીસની સામાં તોહમતો આવેછે, તોપણ એકંદર જોતાં સારો સુધારો થયોછે.

પહેલી હિંદી ધારા સભા લોર્ડ ડેલ્હોસીએ ૧૮૫૩માં સ્થાપી પણ સઘળા સભાસદો સરકારી અમલદારજ હતા. ૧૮૬૧માં લોર્ડ કેનિંગની કારકીર્દીમાં ચાર ધારાસભા સ્થપાઇ, અને તેમાં ખાનગી સભાસદો, તથા દેશી તત્ત્વ દાખલ થયાં. હિંદુસ્તાનમાં પ્રતિનિધિ રાજ્ય અજાણ્યું હોવાને લીધે, ખાનગી સભાસદો સરકાર તરફથી નીમાય છે; પણ કદાચ થોડી મુદતમાં તેઓની ચુંટણી કરવામાં આવશે.

ત્રણ ઈલાકેદાર શહેરો હમેશાં પોતાના સ્થાનિક કારોબારમાંછે. બીજી જૂનામાં જૂની મ્યુનિસિપાલિટીઓ ૧૮૫૦થીજ શરૂ થાયછે. લોર્ડ મેયોના અમલમાં ૧૮૭૧માં લોકલબોર્ડો (જીલ્લા અને તાલુકા સભાઓ) શરૂ થયાં. સ્થાનિક સ્વરાજ્યના સંબંધમાં લોર્ડ રિપને એથી વધારે આગળ પગલાં ભર્યાછે. ૧૮૮૩માં હિંદુસ્તાનમાં ૭૬૧ મ્યુનિસિપાલિટી હતી.

હજુ બાકી રહેલું કામ—અગર જો થયલો સુધારો ઉત્તેજન આપે એવોછે, તોપણ હજૂ ઘણો વધારે સુધારો થવાની જરૂર છે," એમ કબૂલ કરવું જોઇએ.

અગાઉ લઢાઈ, દુકાળ, અને મરકીથી પ્રજા પીડાતી હતી. હાલ દર વર્ષે દશ લાખ કરતાં વધારે માણસ વસ્તીમાં ઉમેરાતાં જાયછે, અને તેમનાં પેટ ભરાવાં જોઈએ. દેશમાં લાખો માણસો નોકરી શોધતા ફરેછે. પણ વધારે ખાનારને બદલે વધારે પેદા કરનારની જરૂરછે. ખેતી અને હુન્નરના ઉપર વધારે લક્ષ વળવું જોઇએ. કેળવણી પામેલા માણસોએ જેમ પુસ્તકોનો અભ્યાસ કરવો જોઇએ, તેમ પોતાને હાથે કામ કરવાને પણ તૈયાર થવું જોઈએ.

કેળવણીનો હજૂ ઘણો વધારે ફેલાવો થવાની જરૂરછે; કારણ કે વસ્તીના પ્રમાણમાં દર છ જણે એક જણ નિશાળે જતું હોય, ત્યારે પ્રજા બરા-

બર ભણેલી ગણાય. ૧૮૮૧માં, મરદોમાંથી દર ૪૨ જણે એકજણ ભણતો હતો; અને સ્ત્રીઓમાં દર ૮૫૮ માં એક.

મહારાણીના કેટલાક લાક્ષણિક ગુણ.

આપણે કેટલીકવાર માત્ર ગમ્મતને સારૂ વાંચીએ, તો અડચણ નહિ; તોપણ આપણો સાધારણ ઉદ્દેશ વધારે ડાહ્યા અને સુશીલ થવાનો હોવો જોઇએ. મહારાણીસાહેબનું ઉમદા દૃષ્ટાંત હિંદની રાજકુંવરીને ઘણું ઉપયોગી થઇ પડે એવુંછે; એ વાત ખરી તોપણ એમની જીંદગીમાંથી દરેક સાધારણ માણસને પણ કેટલાક પ્રકારનો અમૂલ્ય બોધ નહિ મળી શકે એમ નથી. દુનિયાની અંદર રાજ્યકર્તાની અવસ્થા ઘણીજ બારીકછે. એક હિંદુ કહેવત છે, તે સાધારણ મનુષ્યવૃત્તિ દર્શાવી આપે છે;—"તપનું ફળ રાજ્ય અને રાજ્યનું ફળ નર્ક" ઘણા રાજાઓ આળસ અને વિષયમાં લપટાઇ જઇ પોતાનાં કર્તવ્ય ભૂલી જાયછે, અને

પોતાની જીંદગીનો જલદી અંત આણેછે." જેઓ એવી લાલચો સાથે ટક્કર લેછે, તેમને એથી ક-રીને વધારે ધન્યછે. મહારાણીસાહેબને ગાદીએ બેઠા પછી જે મુશ્કેલી સામું ટક્કર લેવી પડી હવી, તેનું તેઓ આ પ્રમાણે વર્ણન કરેછે;—

"અરાઢ વર્ષની ઉમ્મરે અનુભવ વિના, અને ધણીની દોરવણી અને સહાયતા વિના, રાણીની પદવી મેળવવી, એના કરતાં એક જુવાન છોડીને માટે વધારે ખરાબ, અને સઘળી સ્વભાવિક વૃત્તિ અને ભાવનાને વધારે નાશકારી કેળવણી સહેલથી કલ્પી શકાય નહિ." પણ તેણે હિમત અને ફતેહ-મંદીથી પોતાની જોખમદારી સાથે બાથ ભીડી હતી.

હવે મહારાણીના કેટલાક અનુસરવાજોગ લાક્ષણિક ગુણો જણાવીશું.

૧ સમયસાધન-એક ફ્રેંચ રાજા કહે છે કે "સમયસાધન રાજદરબારની સભ્યતા છે," મહારાણી પોતાના વાયદા મિનિટબંધ પાળે છે.

બીજી કહેવત એવી છે કે "સમયસાધન કામનો આત્મા છે." મહારાણી તેમનું આટલું બધું કામ પૂરૂં શી રીતે કરી શકેછે, તેનું એક કારણ એમની નિયમિત પ્રકૃતિ છે. હિંદુસ્તાનના લોકોને આ બોધ શીખવામાં રેલ્વેઓ મદદ કરેછે. પણ તેમને હજુ ઘણું શીખવાનુંછે.

૨ કર્તવ્ય ચિંતન.—અગાઉ કહ્યુંછે કે એઓ પોતાની તંદુરસ્તી સુધારવા બાલ્મોરલ જાયછે, ત્યાં તેઓ કામપર કેવી રીતે ધ્યાન આપે છે. તેમના મહાન્ શોકના સમયમાં પણ રાજ્યકાર્યની બેદરકારી કરવામાં આવતી નહોતી, એવું અર્લ ઑવ બીકન્સફીલ્ડનું ત્યાં પ્રમાણ વચન આપ્યુંછે. પ્રધાનોના સંબંધમાં તેમના પોતાના મનનું વળણ જૂદું હોય, તોપણ પાર્લામેંટ મારફતે પ્રજાએ જ-ણાવેલા તેના વળણને અનુસરીને તેમણે પોતાના વળણને કોરે મૂક્યુંછે.

૩ પોતાનાં બાળકની કેળવણીમાં સંભાળ

અને ડહાપણ.—માણસને એક મોટામાં મોટું સુખ એ છે કે તેનાં છોકરાં સારી રીતે કેળવાયલાં હોય. જો તે ખરાબ રીતે કેળવાયલાં હશે, તો તે માબાપને આખી જીંદગી પર્યંત સંતાપ ઉપજાવશે. રાજકુટુંબની કેળવણીની કેટલીક બાબત નીચે પ્રમાણેછે;—

(૧) સાદો ખોરાક, અને પુષ્કળ બહારની કસરત.

(૨) શારીરિક મહેનત.

(૩) અભ્યાસ ઉપર લક્ષ.

(૪) સોબતી વિષે સંભાળ.

દેશી છોકરાં ઘણીવાર ઉદ્યોગી અભ્યાસક હોય છે, પણ બીજી બાબતોની ઘણી સંભાળ રાખવામાં આવતી નથી.

૪ ભલું કરવાની ઉત્કંઠા—રાજકુંવરી એલિસે પોતાની માને તેના ધણીના મૃત્યુ માટે ઊંડા શોક વખતે લખ્યું હતું કે "તને તારી ઊંચી

પદ્વીમાં ભલું કરવાનો અને બીજાના લાભમાં જીંદગી ગાળવાનો ખાસ પ્રસંગછે, અને એ વાત મારા વહાલા પિતા સારી રીતે જાણતા હતા." ઊંચી પદ્વીનો આ મોટો લાભછે, અને મહારાણીએ તેનો ઉમદા ઉપયોગ કર્યોછે. તેમણે પોતાની પ્રજાના લાભ માટેની દરેક યોજનામાં ખરા દીલના ઉમંગથી ભાગ લીધોછે. તેમણે સલાહ શાંતિ રાખવામાં પોતાની સત્તા ઘણીવાર ઘણી ચલાવીછે. પ્રજાઓની વચ્ચે લડાઇ અટકાવવામાં અને મિત્રભાવ વધારવામાં તેમણે ઘણી મહેનત લીધીછે.

૫ માયાળુ સ્વભાવ—આ વૃત્તિ જૂદી જૂદી રીતે પ્રકાશ થઈછે. એનાં ચાર દૃષ્ટાંત આપીશું.

(૧) નોકરો તરફ.—કેટલાંક માણસો જે મોટાઓની ખુશામત કરેછે, તે પોતાના નોકરોની સાથે જાણે તે કૂતરા હોય તેમ બોલે ચાલેછે. હતરતી પંક્તિનાં માણસો સાથે સભ્યતાથી વર્તવું, એ ગૃહસ્થાઇનું મોટું લક્ષણછે. પ્રખ્યાત ડયૂક ઑવ

વેલિંગ્ટને તેના છેલ્લા શબ્દો એક નોકરને કહ્યા હતા, અને તે આ હતા, "તારી મહેરબાની."

મહારાણીનાં પુસ્તકો નોકરો તરફ તેના માયાળુપણાના દૃષ્ટાંતોથી ભરપૂર છે. એમને તેમની ફેર બદલી ગમતી નહોતી; અને એઓ તેમના સઘળા હર્ષ શોકમાં ભાગ લેતાં હતાં.

(૨) ગરીબ અને માંદાં તરફ—બાલ્મોરલમાં તેણે ગરીબની લીધેલી મુલાકાતો અને તેમને આપેલી બક્ષીસો વિષે અગાઉ કહી ગયા છીએ. ઇંગ્લંડની દક્ષિણમાં ઘાયલ થયલા સૈનિકો માટે જે નેટલીનાં દવાખાનાંનો તેમણે અને રાજકુંવર આલ્બર્ટે પાયો નાખ્યો હતો, તેને વિષે એઓ ખરા દીલથી ઉમંગે ભર્યો ભાગ લેછે. એમના વૈધવ્યની આફત પછી એમનું એક પ્રથમ જાહેર કામ એ દવાખાનાની મુલાકાત હતી. એમણે આસપાસ ફરીને, જેઓ ઘણાં માંદાં જણાતાં હતાં તેમની પોતે જાતે ખબર પૂછી. એક એ-

રિશ સૈનિક જેણે હિંદુસ્તાનમાં નોકરી કરી હતી, તે લગભગ મોતની અણીપર આવી રહ્યો હતો. મહારાણીએ તેની સાથે વાત કીધા પછી તે બોલ્યો, "આપ સાહેબને હું મારી પોતાની આંખે જોઉં. ત્યાં સુધી ઇશ્વરે મને જીવતો રાખ્યો, તે માટે હું તેનો પાડ માનું છું."

કેટલીકવાર મહારાણી પોતાને હાથે તૈયાર કરેલાં શીવણ કામની બક્ષીસ આપેછે. મહારાણી અને તેમની દીકરીને નેટલીના દવાખાના સારૂ રજાઇઓ તૈયાર કરતાં જોવામાં આવ્યાંછે. પાંચેક વર્ષ ઉપર ઇજીપ્ટમાં ઘવાયલા સૈનિકો સારૂ પાંચ સુંવાળી અને ગરમ રજાઈઓ મોકલી હતી. એક રજાઇ આખી મહારાણીએ પોતે તૈયાર કીધી હતી, અને બીજી રાજકુંવરી બીટ્રિસે. બીજી રજાઇઓ દરબારની સ્ત્રીઓએ કરી હતી, પણ મહારાણીએ પોતે દરેકને ઝુલ મૂકી હતી.

(૩) હિંદુસ્તાનની સ્ત્રીઓ તરફ.—એક ઈંગ્રેજી સ્ત્રી તબીબે પન્નાની મહારાણીનો એક લાંબી મુદ્દતનો અને પીડાકારી રોગ સારો કર્યો. જ્યારે તે ઇંગ્લંડ પાછી ગઇ, ત્યારે પન્નાની મહારાણીએ કહ્યું કે "તમે ઈંગ્લંડ જાઓ, ત્યારે મહારાણી સાહેબને મળજો, અને હિંદી સ્ત્રીઓ માંદી પડેછે, ત્યારે કેવી પીડા ભોગવેછે, તે કહેજો." મહારાણીને આ સમાચાર વિંડસર મહેલમાં મળ્યા. મહારાણીસાહેબે પન્નાની મહારાણીને સ્નેહપૂર્વક ઉત્તર વાળ્યો એટલુંજ નહિ; પણ લખ્યું કે "હિંદની સ્ત્રીઓની દુઃખી અવસ્થા સુધારવાને કરવામાં આવતા દરેક પ્રયત્નથી અમે આનંદ પામીએ છીએ, એમ સાધારણ રીતે જાણવામાં આવે, એવી અમારી અભિલાષાછે.

લેડી ડફરિન હિંદુસ્તાન આવવાને નીકળી, તે પહેલાં તેને મહારાણીએ હિંદુસ્તાનની સ્ત્રીઓ માટે તેનાંથી બને તેટલું કરવાની સોંપણ કીધી

હતી. એથીજ કરીને સ્ત્રીઓ માટે દવાખાનાં, સ્ત્રીતબીબ, અને માવજત રાખનારીઓની ગોઠવણ કરવાને લેડી ડફરિન ફંડની સ્થાપના થઈછે. એ ફંડને સઘળા વર્ગ તરફથી ખરા દીલની મદદ મળવી જોઈએ.

(૪) દુઃખી તરફ—જે સ્ત્રીઓ વિધવા થઇ હોય છે તેને વિષે, અથવા વિપત્તિના બીજા બનાવો વિષે મહારાણી જ્યારે સાંભળેછે ત્યારે તેમનું દીલ ઘણું દુખાયછે. એ ઘણી વાર દિલાસાના કાગળ લખેછે, અથવા માયાળુ સંદેશા મોકલાવે છે. મદ્રાસ બાગની આગની ખબર ઇંગ્લંડ પહોંચી, એટલે તરતજ આફતમાં આવી પડેલાનાં કુટુંબો વિષે પોતાની અનુકંપા તારમારફતે જણાવી હતી.

૬ ભક્તિ—મહારાણી ઇશ્વર ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખે છે, અને હંમેશ નિયમસર ભક્તિમાં મશગૂલ રહેછે. તેમના દરેક કૃત્યમાં તેમની શ્રદ્ધા અને ભક્તિનો આવિર્ભાવ થાયછે; અને 'તું તારા પરમેશ્વર

પર ખરા દીલથી 'પૂર્ણ પ્રેમ રાખજે' અને 'જેવો તું તારી જાતપર પ્રેમ રાખે, તેવોજ તારા પાડોશી પર રાખજે,' એવી જે એ તેમની ધર્મની (અને સર્વ ધર્મની) મુખ્ય આજ્ઞા છે, તે બરાબર પાળવાને નિરંતર પ્રયત્ન જારી રાખેછે, એ તેમની આખી જીંદગીનું વર્તન દર્શાવી આપેછે. આવી ધાર્મિક જીંદગી ગાળવા છતાં, પોતે ઇશ્વરની આજ્ઞાઓ બરાબર પાળી નથી શકતાં," એવો તેમના મનમાં સંશય રહેછે, અને તેથી તેઓ હંમેશ ઇશ્વરની ક્ષમા માટે પ્રાર્થના કરે છે. નીચેનું ભજન જે રાજકુંવર આલ્બર્ટને ઘણું પસંદ હતું, તે મહારાણીની ધાર્મિક વૃત્તિઓનું ઠીક દર્શન કરાવે છે;

લલિત.

"વિધિ નિબંધનો સાધવા તુજ,
ગતિ નથી કશી હસ્તની મુજ;
કદિ ઉમંગ રે' જાગતો સદા,
નયનથી શમે અશ્રુ ના કદા;

તદપિ પાપ તો ના થશે ફના.
[1]તરણ એકલો, તું કૃપાઘના.
શરણ ના બીજું કાંઇ માહરૂં;
શરણ માત્ર છે ક્રોસ તાહરૂં.
[2]વસન માગું હું નગ્ન તું કને;
કર કૃપા પ્રભુ દીન મૂજને.
મલિન હું ઘસ્યો આવું છું [3]ઝરે;
[4]મરૂં હું, જો પ્રભુ શુદ્ધ ના કરે."

મહારાણી પોતાના ખ્રિસ્તી ધર્મ ઉપર આટલી બધી શ્રદ્ધા રાખેછે, તે છતાં તેમણે પોતાની હિંદી પ્રજાને ધર્મના સંબંધમાં સ્વતંત્રતા આપેલી છે. અગાઉ ઘણાએક રાજા થઇ ગયા, તેમણે તેમના રાજ્યની પ્રજા પાસે જોર જુલમથી પોતાનો ધર્મ મનાવવાને મથન કર્યું હતું; અને જેમણે ના પાડેલી તેમના ઉપર અનેક પ્રકારના જુ-

૧ તારનાર. ૨ વસ્ત્ર=દયારૂપી. ૩ પાપમાંથી મોક્ષ કરનાર દયારૂપી ઝરો. ૪ નર્કે પડું.

લમ ગુજર્યા હતા; પણ મહારાણીએ તેથી ઉલટી ઉદારવૃત્તિ પકડી છે. ૧૮૫૮માં હિંદી રાજ્યકારભાર પોતાના હાથમાં લેતી વખતે રાજા, ઠાકોર અને પ્રજાને એક જાહેરનામું પ્રકટ કીધું હતું તેનો એક ભાગ નીચે પ્રમાણે છે;—

"ખ્રિસ્તી ધર્મની સત્યતા ઉપર દૃઢ શ્રદ્ધા રાખીને અને અમારા ધર્મની *સાંત્વન શકિતનો કૃતજ્ઞતા પૂર્વક સ્વીકાર કરીને, અમે અમારી પ્રજામાંના કોઇ પણ માણસની પાસે અમારા સિદ્ધાંત મનાવવાના હક તેમ અભિલાષાનો ઇનકાર કરીએ છીએ. અમે જાહેર કરીએ છીએ કે અમારી બાદશાહી મરજી અને ખુશી એવી છે કે ધાર્મિક શ્રદ્ધા કે વિધિના કારણ ઉપરથી કોઈપણ માણસના ઉપર મહેરબાની કરવી નહિ, કે કોઈને પણ પીડવું કે સંતાપવું નહિ પણ સઘળા કાયદાનું સમાન અને નિષ્પક્ષપાત રક્ષણ એક સરખી રીતે ભોગવે અને જે સઘળા

* શાંત કરવાની શકિત.

(માણસો) અમારા હાથ તળે અધિકારમાં હોય તેમને અમારો દૃઢ નિર્દેશ અને આજ્ઞા છે કે તેમણે અમારી પૂરે પૂરી કક્કા મરજીને જોખમે, અમારી કોઈ પ્રજાની ધાર્મિક શ્રદ્ધા કે પૂજનમાં કોઈ પણ રીતનો હાથ ઘાલવાથી અલગ રહેવું."

"અને અમારી વિશેષ મરજી એવી છે કે અમારી પ્રજા ગમે તે જાત કે પંથની હોય, તો પણ અમારી નોકરીમાં જે અધિકારની ફરજો બરાબર બજાવવાને પોતાની કેળવણી, બુદ્ધિ, અને પ્રમાણિકપણાથી લાયક થઇ હોય, તે અધિકાર બને ત્યાં સુધી તેને છુટથી અને નિષ્પક્ષપાતપણે સોંપવા."

સમાપ્તિ વચન—ગરીબ અને સાધારણ લોક ધનવાન્ અને મોટાઓની કેટલીકવાર અદેખાઇ કરવાને લલચાય છે; પણ સઘળાંને આપદા અને લાલચો એક સરખી વળગેલી હોયછે, શેક્સપીયરનું કહેવું ખરૂં છે કે:—

(રોળા) "ધરે મુકુટ જે શીર, સુએના કદિ આરામે"

મહારાણીસાહેબમાં ઉમદા ગુણ છતાં, તેમના ઉપર કેટલીકવાર બદમાશોએ ગોળીબહાર કીધા છે. બીજી બાઇડીચોની પેઠે એમના ઉપર પણ ઘણી અને છોકરાંઓના મૃત્યુની વિપત્તિ આવી પડીછે. એક વાર એવો પણ વખત આવશે કે એમને એમના વડીલોનો સુંદર મહેલ છોડવો પડશે, અને રાજકુંવર આલ્બર્ટની પેઠે કહેવું પડશે કે "હું જો હવે સંસારની માયામાં મન રાખું, તો મને ખરેખરી દુઃખી સમજવી."

માણસને પરમેશ્વરે ગમે તે સ્થિતિમાં મૂકયો હોય, તોપણ તેણે તે સ્થિતિમાં સંતોષ માની, ઇશ્વર સહાયતાથી પોતે એટલા ભલા થવાનો અને યથાશક્તિ બીજાનું ભલું કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.—

દોહરો.

"માન શરમ વળગે નહી,

કો પણ સ્થિતિ [1]વિશેષ;
માન સર્વ મળશે સદા,
કાર્ય કરો જો લેશ."

માનુષી ભેદનો મોતની સાથે અંત આવેછે. એ વખતે રાજા અને રંક ઇશ્વરની આગળ એક સરખા ઉભા રહેછે. જે તેની આજ્ઞાને અનુસર્યો હશે તે સૌથી મોટા દરજ્જાનો હશે કે હલકા દરજ્જાનો તોપણ ઇશ્વર તેને કહેશે કે "સાબાશ! મારા ભલા નિમકહલાલ ભક્ત! તું તારા ઇશ્વરના આનંદનો અનુભવી થા!"

મહારાણીસાહેબના ૧૮૫૮ના જાહેરનામાની સમાપ્તિ આ પ્રમાણેછે;—

"અમારી અંતઃકરણપૂર્વક અભિલાષા છે કે હિંદુસ્તાનના શાંત ઉદ્યોગને ઉત્તેજન આપવું, સાર્વજનિક ઉપયોગ અને સુધારાનાં કામોની વૃદ્ધિ કરવી, અને ત્યાં રહેતી અમારી સઘળી પ્રજાને

૧ અમુક સ્થિતિ.

લાભ થાય એમ રાજ્યકારભાર ચલાવવો. તેની આબાદી અમારૂં બળ છે, તેનો સંતોષ અમારી નિશ્ચિંતતાછે, અને તેની કૃતજ્ઞતા અમારો સૌથી સરસ બદલોછે. અને અમને તથા અમારા હાથ તળેના અધિકારીઓને, અમારી પ્રજાના સુખ માટે અમારી આ અભિલાષા અમલમાં લાવવાનું સર્વશક્તિમાન્ પરમેશ્વર બળ આપો."

મહારાણી.

મનહર.

"યશસ્વી માનિની તને, માનીએ મહાન અમે,
ન તે તુજ ઉચ્ચ પદ-તણા ઝળકારથી;
કે રવિના કિરણ જ્યાં કદી અસ્ત પામે નહિ,
એવા અધિરાજ્ય કેરા વિશાળ વિસ્તારથી;
કાળે કે અવસ્થાંતરે ઝંખવાય એ મહત્તા;
પણ ન છવાય વર્ષો-નાં ગાઢા અંધારથી,
કીર્તિ-જે સદ્ગુણ પદે સદા પળતી રહે, ને—

મહત્તા-મહત્ત્વ ભરી ભલાઇના ભારથી. ૧
કાળ મહોદધિ કેરી છોળોની સીમાની બ્હાર,
પ્રેમ પ્રતિમાની ઊંચે સ્થાને સ્થાપના કરી;
એવા તુજ વિશુદ્ધ વૈધવ્ય શોકે સ્વપ્રતાપે,
અચલ અમર કીધી છે પ્રતિષ્ઠા તાહરી;
ઝૂંપડાના વાસી તેમ મ્હેલના નિવાસી પણ,
નિજ ગૃહ રાજ્યને દીપાવવા ફરી ફરી;
પોતાની મહારાણીનો દૃષ્ટાંત રૂપી મણિ આ,
ધારશે તો શોભા તેની વાધશે ખરેખરી." ૨

આર વિલ્ટન.

સમાપ્ત.

NOT TO BE ISSUED

SHML
G12252

NOT TO BE ISSUED

7DA
554
.K2

G. 12252